વાત ઉપર નહિ નેહ, નંદ છ સઉની તે દેહ;એ વસ્ત તેને નવ ગમે,અલમસ્ત થઇ ને ઘરમાં રમે. તેને સઉ કહે મસ્તાન, રહે તંબોળીની દુકાન;સભા ભરી છે રાયજ તણિ, થઇ વાત ત્યાં પેલા તણી.એક મસ્તાન સરિખો હોય;કળી ન શકે તેને કોય, ભાત ભાત જણાયજ નહી; જાયે માગે ના જાયે કહી; સેજ વાત થઇ અનુમાન, તે સાંભળ્યું રાજાએ કાન;એક સમે રાજા એકલો મસ્તાન બેઠો ત્યાં મહીપત મળ્યો. આશપાશ મળે નહી કોય, ચતુર રાયજી ચરચા જોય,દીઠા બત્રિશ લક્ષણો તેહ, નરપતને મન ઉપન્યો નેહ. તેજ પુજમાં કોટીક કામ, જાણે પ્રકટ્યો બીજો કામ, દીઠા બાહુ ચક્ષે લોળ; ઢળેક કુંદરપવત કપોળ, સામુદ્રિકનું એંધાન;રાજ ચીન્હ પુરણ પ્રમાણ; સજચેન સઘળાં સચજપણાં, પાંચ રાતાં પાંચ ઉન્નત ઘણાં. એ વાસી ચેન તે રાયેજ તણાં, ચેન બીજાં તે જોયા ઘણાં; રાજબીજ રહીયાળો રૂપ, ન હોય ઘેલો નર એ ભુપ. દોહરો–પાસે બેઠી પ્રીતશું, આપ્યાં બીડાં પાન,ભેટ્યો તેને ભાવશું, મળીને દિધાં માન ઘેલાના નિરખ્યા ગુણ બહુ, ધારણ રાખી ધીર. લક્ષણ જોતાંમાં લહે, એતો વીક્રમવીર, ગુણેગુણ જેના મળે, તેને તેશું પ્રિત. બાહી જેગી વરતીઓ,ત્યાં શા રૂડી રીત. ચતુરને ચતુર મળે. મળી જાય ત્યાં મેળ;બળ સંગાથે બળ મળે,જેમ ભંગી ભેળાભેળ, ચોપાઇ–પુરણ હેતને પ્રિતે પેર,તેડી લાવ્યાપોતાને ઘેર; સંતોષ્યા સનમાનજ કરી, અધીક હેતથી આદર કરી. બેઠા બે જઇને એકાંત; ભુપને વળતી ભાગી ભ્રાંત કયાંથી આવ્યાને કયાં રહો, ઇશ્વર આણુથી સાચુ કહો, ઘેલુ કરી બેઠા કેમ રૂપ, છો તો કો નગરીના ભુપ;બ્રહ્મહત્યાદીક પાતીક તને, જો વિસ્તારિ નવ કહો મુને; કાંઇ ભ્રાંત રાખો જો આપ;મુજ સરખાં કોટી વધ પાપ, નીમે આ વાતમાં જો રાખો પુન્ય, તો પાંચ જન્મ હરખ્યાનુ પુન્ય; લેશ માત્ર ન ધરશો લાજ. આપણ વચ્ચે ઇશ્વર આજ, દોહરા–પુરણ પ્રતિજ્ઞા કરો ત્યારે બોલશો તેહ; વાત કહે શું નિપજે નૃપત સાંભળે નેહ. કો દુઃખભાગી નવ શકે,મટે નહી કો મરમ,કુળ પ્રગટ કરવું પડે કોમટ ખોવો ભરમ, દુઃખના તો છે ડુંગરા,અરણુવ જેવા આજ, તેતો તમ આગળ કહે. એને ન કુળને લાજ,છપ્પો—લેશ નહી કુળ લાજ, જન બાપનું ખુએ; નમે વેરીને પાય, કુઇ આગણ દુઃખ રૂએ, કુળનું કહે કલંક;બેલા બાપીકા બોળે, દે સજ્જનને દુઃખ પછી પોતાનુ ખોલે. અધીન થકી જે અન જમે, લાજ મરજાદા નવ રહે; કવી સામળ કહે સાચું કહ્યુ, લોક કપુત તેને કહે.

ચોપાઇ–કપુત નામ ધરૂ જ્યાહરે,તમને સાચું કહ્યુ ત્યાહરે;એમ અરથએકે નવ સરે,મહા સંકટ કોથી પરહરે.વાત થઇ રાખો એ રાય,તે તમ આગળ નહી કહેવાય,ફરીને વિક્રમ બોલ્યો બોલ, દિધો સાત પરિયાનો કોલ,રાખ વિસ્વાસને વચન માહરૂં, સંકટ નિસ્ચે ભાગુ તાહરૂં;હોલ માત્ર તાહરૂં દુઃખ હરૂહું તો વાવ વિચારી કરૂ;દુઃખીયો કહે સાંભળ પુરપતિ, કહું કરમરેખાની રતી, રત્નવતી જીનગર

અનુપ. રત્નરાજ નગરીનો ભુપ બત્રિશ લક્ષણ પુરણ કામ નરપતમાં શિરોમણુ નામ; પ્રજા પાળે રૂડિ રીત, પુન્ય ઉપર રાજાનિ પ્રિત, પરનારી જાણે પુત્રનિ, ચતુરે શિરોમણુ ચંતનિ; ધણિ રિદ્ધ ને ઘરસુત્ર નિધિ રાજ હું તેનો પુત્ર,લોકટવાયો એક જ એક, વપુએ સુંદર ઘડિ વિવેય, માનનિ એક બીજી જે નાર, નેને પ્રિતે વિરહ અપાર; તે દેખી રીઝે રાજન,તેને તન મન જાણે ધન. દોહરા—એક સમે વઇહરભવ નો નરભસેન રાજન;તે આવ્યો આમ ગામમાં મરવા ઉપર મન. કોપે કટાક્ષ થઇ થકી કીધાં દેરા બહાર; રાજા ઘર કામે ગયો, ગ્રામ રહી ઘરનાર. પુર સોપ્યું પ્રધાનને,રણ ગયો સજન દીવસ ઘણા ત્યાંહ વહી ગયા; ઉપાય બન્યો બહુ અન્ય-

ચોપાઇ—વસંત રૂતુ તણી જે રીત,રમેછોકરા આણિ રિત,રૂપા દરો ગેડિ હાથમાં, રાજપુત્ર રમે સાથમાં. પડયો દરો ગેડિથી જેમ, ગયો મહેલ રાણિને હેમ. ભરજોબનમાં હુતી જેહ, દરો દેખીને પ્રગટયો નેહ. રાજપુત્ર લેવા ત્યાં ગયો, બાળ રાણિયે બોલજ કહયો; દીઠો કુંવર સુભગ સુજાણ,વાગ્યુ વનિતાને મોહ બાણ,નખ શીખ નિહાળ્યું તન, થયુ માનવાને મળવા મન; નિચ બુધ સહુ નારી તણિ, લાગી ખાંત તેને મન ઘણિ,હેતે ઝાલ્યો મારો હાથ,શામા બોલિ સુતને સાથ; કામ વાસના આવ્યું હેજ. નાંખ્યો બાથ ભરીને સેજ,મુજ સાથે તમો રંગે રમો,ભોજન મુજમાં બેશી જમો; તુ મારા હઇડાનો હાર,લાડ લડાવુ અપરમપાર. નિચ બોલ કહયા નારીએ,લાગી દેહને ઝાળ મહારિએ; એશું બોલી મારી માત, વિપરિત એ અણઘટતિ વાત; તું તો માહું તારો તન; એ વાને મળે કેમ મન.એ વાતે તો કોપે ઇશ, ચડે કલંક આણે શીશ; પ્રતક્ષ લાગે મોટું પાપ,દુભાવે પરમેશ્વર આપ;સુને તેં પેટ જણ્યો છે પુત્ર, સાચો અક્ષર એછે સુત્ર.

દોહરા—ત્યારે કોપી કામનિ,કહ્યું ન કરે જો આજ; દેવરાવું હું શુળીએ,તો લોપે મુજ લાજ, રામ દવાઇ રામ કહે, વચમાં રાખુ ઇશ, ના કહીને જો નિકળે. નથી છેદાવું શિશ. તારૂ ચાલે તે કરે, લે જો મારો પ્રાણ; અણઘટતુ કરું નહી,કુળને લાગે હાણ.

ચોપાઇ—કરી જોર તે તો નીસરયો; કટાર કેડેથી વિસરયો; બીક તજી આવ્યો બારણે, રમત રમવાને કારણે. ભોળવાઇ ગયો તે બાળ, કામનીને મન વાપ્યો કામ; લખ્યો કાગળ એક જતન, કરી બીડયો મહોર પોતાની ધરી. ઘરનું માણસ ઘરની દાસ મોકલ્યાં છે રાજાનિ પાસ; મોકલ્યો કટાર નિશાની એક કહાવ્યાં વરૂવાંવચન વિવેક પોહોચ્યો પાંચ દીવસમાં સાથ,આપ્યો કાગળરાયને હાથ;વાંચ્યુ પત્ર ઉગતે દીશ, પગની જવાળા લાગી શીશ મુખ જીભ્યાએ કહ્યું દાશીએ,વણશાડ થયો ત્યારે વાશીએ, જુવતી સાથ જોરાવર જાર, ગયો કુંવર મુકીકટાર હવે કહો તે રાણી કરે,પેટ પાળી મારીને મરે,તારા પુત્રથી આવ્યાં વાજ,કેમ ખમાએ ભારેદાઝ.

દોહરા—મતી ઉપર ચાયેલખ્યો,સાંભળ શુભ પ્રધાન,વચનજ પાળો માહરૂં,તોતોત-મારૂ માન કડકા કરજે કુંવરના રતી રતી રાઇ ભાર;મારી સમ એ વાતમાં,અજર કરે આવાર. કદાચ ઉગારે કુંવરને, દુખ લાગે મુજ શીશ;રામ દુવાઇ માહરે,હાથે હણુ તુજ શીશ. પ્રધાને પત્રજ વાંચીયો,ન કહિ કોને વાત;વણુ સમજે હું કેમ કરૂ, રાજકુંવરની ઘાત, પેર પેર જોઉ પારખું, સાચ જુઠ જરૂર. આપ ઘેર એકાંતમાં. તે ડયો તેને હજુર ભામનીયે તે ભોળવ્યો, ચરીત્ર કરીને તેહ, કુડા રૂડા કેળવું, અકલ બહુથીએહ, માનદેઇને માળીએ,અધીપતીએ એકાંત,સુખ સજ્યા સુવાડવો,ભાગવા મનની ભરાંત પુત્રી એક પ્રધાનની, કન્યા કોટી ધામ; ચડી માળીએ ચંતની,નેન-વંતી નિજ નામ, પડી તેહ પલંગપર;હાવભાવ હઠ હેત;ખાનપાડ મેવાત્રણા દલથી રિઝયો દેત. તેને દીઠો દાસીએ,કરશે કુકુ કામ,અધર્મ અમો ના આચર;રાણી જાયો નામ, રામ દુવાઇ રામ તુને,સેજ અડાડે અંગ; કોટી ઉપાયે નહી કરૂ. કુંવરિતારો સંગ. કુંવરિ કહે રાજા સુણો, અધિક તાહરિ આશ; નરપત નિરાશ રખે કરે,પ્રિતે આવી પાસ, સામા સતવાનાં કરે; ચતુર ન ચુકે આપ,તે પ્રધાન પ્રિછે ઘણું,છળ ન પાડે આ છાપ. પર અગ્નિ જે પરહરે. તે જેરે કરે જાર;કપટ કરેછે કામનિ,કુંવરમા રયા કાજ.ચોપાઇ—બીજે દીવસ થયો જ્યાહરે,પરણવા પુત્રિ તાહરે,આપ ઘરમાં એકાંતે હોય. તેનો અન્ય ન જાણે કોય. વળતો બોલ્યો ત્યાં પ્રધાન, રાજપુત્રને દેઇ આન;આગ્યા પીઓને ખુબી કરો,મંદીર બહાર.નહી નીસરો :કહાચીત જાશો અજા ણુ, તો તમારા જાશે પ્રાણ;કુંવર કહે એવું શા માટ.તે વાતના તમન ઉચાટ;પ્રધાને માંડી કહી પેર,તમો ગયારાણિને ઘેર;તેથી કામના પામી કરોધ,લખ્યો પત્ર રાજાને બોધ. રાજા બોલ્યો કેવો બાળ,મારજો કુંવરને તતકાળ;મેં રાખ્યા તમને ઘરમાંહ, મારા લખી મોકલીઆ ત્યાંહ, મેહેલેથી ઉતરશો તમો,તો તો દુખ પામીશું અમો; પ્રધાનપણું અમારૂં જશે. હાણુ જીવને ધનનિ થશે;વાર કહી રહયો ઘરે તેહ.દાઝયો ઘણું પોતાની દેહ, છાનું રહેવું તસ્કર પેર, ભરવું પેટ સાસરીયા ઘેર, એથી તે ભલેરૂ મરત, એમ તેણુ વિચાર્યું તરત, એમ આપ વિચાર્યું મન. અરધા રાતે ઉઠયો; રાજન;ચણો મુલી લીધો ઘોડલો.જોતાં ગંગાજળ જોડલો,બકચોકા પડે નહી હથિયાર; એકલો આપ થયો અસ્વાર; રાજ બીજ કોઇથી નવ ડરે,ખોદીગાન પંથે પરવરે,ખેડખેડ તો કરતો જાય,કોને ન ગણે લેખામાંહ;વિસ દીવસની વાટે જાય,ત્યાં તો એક તમાસો થાય.

દોહરા—વેરાવળ ગામે ગયો, ઉતરયો વાડીમાંહ; અસ્વબાંધ્યો આસોપાલવે,ભોજન કીધું, ત્યાંહ, સુરસંગ રાજા સાંમલ છે,રાજ કરે તે ઠામ;ડાહી તેની દીકરી.પદ્મસેન શુભ નામ,નિશાનગાજે ગડગડે, ઓછવ અહદો થાય;નગર ભોજન બહુ કરે, આનંદ અંગન માય. લેલચંદશા વાણિયો,રાજ સરીખી રીત,કુંવારી કન્યા રાયનિ

તે શું રાખે પ્રીત, વનીતાએ તેડયો વાણીયો,કરો કહ્યુ તે કાજ: આપણે જઇયે નીક ળી, એકલડાં બે આજ, જાન પાછી વળી જશે.જખમારિને ઘેર; કન્યા વરશે તુજ ને, તુજને પરણ્યાની પેર, શેઠ કહે સુણ સુંદરી,એહ સરે નહી અરથ,તુજ માટે હું કેમ તુજુ,ઘરબારને ગરથ.નારી કહે આવે નહી તોતો લુટિ લેઉં;કુટુંબ નિકંદનસહુ કરૂં,તુને શુળીએ દેઉં,જન્યો તેહ વણીક તો,જુગતે જોડયા હાથ;તમો કહો તે હું કરૂં, આવું તારી સાથ, શામા કહે સાબાશ તુ,હું રત્ન અમુલખલેશ;વિદેશમાં આ પણ જશું, ત્યાં તો સુખે દેશ ઘડિયાં જોજન સાંઢણિ લાવો વાડિમાંહ;બોલ કોલ કીધા ઘણા, સહુ લાવું તુ કામ; એક પહોર બે જણાં, આવ્યાં તેણે ઠામ.સાંઢે બેઠી સુંદરિ; શેઠ બેઠા તો ધરણ, બળ કરિને વાણિયે, સાંઢે મુકયા ચરણ, સાંઢ હંકારિ સેજમાં, ઘણા હેતથી ઘેર, તે વેળા દેહુ પડયું ડાબા પગનું ઝેર.

ચોપઇ—અશ્વ બાંધ્યો આસો તમે, મહિપતતે સ્થાનક નવ મળે;મારગદ્રષ્ટેજોયો સાથ;આવ્યું ઝાંઝર રાયને હાથ, હિડું રત્ન અમુલખ જ્યાહરે.ધાયો પુંક તેનિતાહરે, આરબ એહ પડિ જાય. સાંભળે તારે દુખિયા રાય, એમ કહિને ધાયો પુંઠ, રાખ્યું ઝાંઝર પોતાનિ મુઠ. દોહરા—ગયાં આંહરે બે જતાં, સહેજ ઉપર નેટ; જાણ્યું ઝાંઝર પગનું પડયું, પડયો ધ્રાશકો પેટ,કુવરી કહે છે શેઠ સુણ.આપ સાંઢણિ રાખ,લાવો ઝાંઝર પાછા વળો,એક ઘડીમાં દાખ,સાંઢ બેસારિ વાટમા,રહિ એકલી નાર, શાહ પુત્ર પાછો વળ્યો આવ્યો આસો છાંય, કુટુંબ કબિલો મુકિયો, પરદેશની શી પેર, નારિ સાથે નિસરયો. ગયો પેતાને ઘેર, એટલે ત્યાં રાજા ગયો, લેઇ જુવતીનું ઝેર, ભામની કહે ભલે આવીયા, આપો હમારૂં ઝેર; આપ્યું જુવતી હાથમાં,કામની નિ સરિયુ કાજ.ચોપાઇ—ખડી સાંઢ હંકારી આથ. રાણી ચાલીરાજા સાથ.પ્રાતકાળ થયો જેટલે, રાણિયે રાય દિઠો તેટલે. તેને મનતો અચરત હોય. નહોય મિત્ર આ બીજો કોય; હવે શુંય કરૂં કયાં જાઉં;કેમ એ આગળ કુડિ થાઉં, કોણ જાતનો કોણેજ ગામ, વળી રાજનું છે નામ, મુજ સાથે કેમ આવવું પડયું, પગનું ઝાંઝર કયાંથી જડયું, દોહરા—રાય કહે રામા સુણો, હું તો પંથી વેષ; વટે મારગુ વાટના, હું આવ્યો આ દેશ. તમો બે જાતાં હુતાં; તે મેં દીઠું દ્રષ્ટ; પડયું આભુષણ તાહર, તેથી પોચ્યો કષ્ટ. આવ્યો તુજને આપવા, હેતે આપ્યું હાથ; તમે કહયું જેશીઘ્ર થઇ; ચાલો મારી સાથ; હા કહે તો આવિએ હઇડે હોયે હેત નહિતર જાતું એકલી શણગાર સાંઢ સમેત.

ચોપાઇ—નેહ ભરયાં નારીને નેન,બત્રીસ લાક્ષણો દીઠો સેન; આપે પ્રોડે લિધો પંથ, ચાલ્યો કારિ ગુણવંત. ગયા વેગળા દેશે દુર હદેશ થયો ઉગમતે સુર. મેલિ સાંઢ સરોવર પાળ,બેશારી તે ઠામે બાળ,લીધો હેમ અણેરો ગથ,ગયો ગામમાં સોદા અરથ. પાન સુખડી વસ્ત્ર વિવીધ; વોરી મનને ગમતિ નિદ. બેઠા આપ એક

આવ્યું હાટ, ફકીર એક આવ્યો તે વાટ, તેણે સ્વાલ નાખ્યો તે ઠાર;આપ્યા રૂપીઆ એક હજાર; ભંડારો કરવો માહરે,કર ઉપકાર અહલ તાહરો. દોહરો—રાજા કહેરે સિદ્ધ સુણ.સારે તાહરો અરથ.વેચે મુજને ચૌટે જઈ, લે જોઇએ તે અરથ, સોદાગર એક તે સમે. પરે દરીયે વહાણ;આપે હંકારે તે સમે, વેચ્યો ચતુરસુજાણ, વાટ થકી વહાણે ચડયો, અગાધ અરણુવ નીર, વાટ જોતી વનીતા રહી, તેહ તળાવે તીર. ચોપાઇ—સોદાગરનો ચાકર રહયો.વહાણવટી વિદેશે ગયો,ઠકા ભખરખબર દેશ. પંથ વેગળો કરયો પ્રવેશ, ચાકર સોદાગરને ઘણા. તેમાં કાંઈ મળે નહિ મણા,તેમાં એક છે રજારામ તે સોદાગરનું કરે કામ. એક એક ચતુર સમજણા, વહાણવટી રાજાને ઘણા; ભાક્તકો તેમાં શી મણાય; નવ માગું રહયા તે તીર. કહો સંભલ પમ્યા તે નીર, મણિપુરમાં છીપ્યાં વહાણ, સંભળાવ્યું તે રીજ સુજાણ; ભારે વહાણવટીની જોડ; વેચ્યો લીધો માલ કરોડ. જુનાં વેચ્યાં નવા ભરયાં; વહાણ ચાલવાં જારી કર યાં; મારી પાસે બે રતન. રાખ્યાં છે ને કરી જતન, તેની માલકિંમત કરનાર,નથી મળ્યો મુજને સંસાર; ભારે વેપારી છો તમો, તે માટે પુછુછું અમો, કીમત પારખુ હોયે આજ,તેહ મળે તો થાયે કાજ,તુજ સરખા આવ્યા છે આંહ,બીજું પારખુંમ-ળશે ક્યાંય.વહાણવટી કહે સાંભળ રાય,કરૂં પારખું વહાણમાંહ;કરી વાયદો આવ્યો શેઠ, છીપ્યાં વહાણ સમુદ્રબેટ, મોટા મોટા વાણોતર જેહ પેર પેર પુછેછે તેહ,કરવું રત્ન પરિક્ષા કાય; ચાલશે કુણ હામ.

દોહરા—વેચાથી લીધો વાટમાં. તેણે કરી સમાલ;રત્ન રાયનું પારખુ સોંપો મુજને કામ, વહાણવટી રહખ્યો ઘણું. પ્રાંતે કર્યાં પ્રણામ, બીજે દીવસ તેડી ગયો, જ્યાંહાં રાયને ઠામ. રાજા પ્રત્યે શાહ કહે, રત્નજ લાવો આજ, ચાકર મારો ચેતરા એ શું મોટું કાજ,તેહ રતન તો દાખવ્યાં સોંપ્યાં શેવક હાથ; કરી કિંમત તે કલ્પના સરજ્યો રૂદીયા સાથ.

ચોપઇ—સાંભળ રાજા ગુણ છે ઘણું, કહું મુલ રત્નજ તણું; એક છે નહિ તેની તો જોડ. એનુ મુલ ટકા દસ કરોડ રાખે હાથમાં જાળમાં જોય; કરોડ પ્રકારે ન બુડે કોય; રત્ન પ્રકારે તે ભેદે નિર,હારદયે માંહે છે હિર,બીજુ રત્ન ખોટું પડયું, કલંકતો આવિને અડયું;રત્ન જામયું તે એને કાલ, તેમાં આવ્યો છે એકવાળ. તેણે એ તો ખોટું થયું, પાણી લાખ પંદરનું ગયું; બાકી થાત તે અદકું મુલ, પંદર લાખનું રહ્યું છે મુલ.

દોહરા—અચર પામયો રાયને. આણ્યો ઘાણ તતકાળ ભાગ્યું રત્ન ત્યાં તે ઘડી નિકળ્યો માંહથી વાળ,અધિપતી હરખ્યો અતિ ઘણું,ન હોય ચાકરનું કામ ભાગ્યશાળી તું ભુપની. બત્રીસ લક્ષણો નામ. એ રાજ નથી આ દેશમાં કંદરપ વત કોય; પુત્રી મારી પદમણી. એહ સમોવડ જોય. ચોપાઇ—રાખ્યો ઘરમાં હેતજ કરિ જોતાં

આંખ સઉકોની ઠરી; દેખાડયો કુંવરને રૂપ. ભામનીને મન ભાવ્યો ભુપ. લગન મહુરત લખેણું લીધ, તિલક કુમ કુમ કેરૂં કીધ, રાજદ્વાર તણી જે રીત, પરણાવ્યાં આણી બહુ પ્રીત હેત પ્રિતને ઉલટ ભેર, જમાઇ ઠરી રાખ્યો ઘેર. વિધ વીધ પ્રકારે કરે વિવેક, વરસ થયું એમ કરતાં એક; વાહાણવટીએ પુરયા વહાણ, ત્યારે બોલ્યો ચતુર સુજાણ. સસરા સીખ અમને દીજીએ, કહો તો અમે વહાણે જઇએ; રાજા બોલ્યો હેતજ ધરિ, હાથી એક આપ્યો દસ્તુરી આપ્યાં વસ્ત્ર આપ્યા શણગાર, આપ્યો પેર મુકતાફળ હાર; નવું કરાવી આપ્યું વહાણ, ભરયો માલ શું કરૂ વખાણ, પુત્રી બાલાવિ પોતાતણી; સાસરવાશો સામગ્રી ઘણી; નગર વોળાવા સહુ, સાથ, શ્રીફળ ફોફળ લીધા હાથ. નરનારી બેઠા વહાણ ચડિ હાંકીયું વહાણ સમુદ્ર મધ્યે આવ્યા જ્યારે, વિઘ્ન એક થયું તાહરે.

દોહરા—સોદાગર તે સાગરે, કીધો મન વિચાર; એતો ચાકર માહરો, ધન પામ્યો બહુ સાર. પ્રેમદા પામી પદમની, અકલવંત બહુ આંક; કીડીને મુખ કોળું, એ વિધાતાનો વાંક. હાથી રાયજ ઘેર સહી, સોઇએ બાંધ્યા આજ; એને ઘેર એ નવ ઘટે, લોકોમાં મુજ લાજ, ચાકર માણસ ચતુર છે, જીત્યો હશે એ હોડ; મુજને તે મુરખ ખરો, એમાં મોટી ખોડ, આદર કરયો ઉપાયને, પ્રપંચ રચ્યું બહુ પેર; અરથ મન એ ગોરડી, સરવે આણું ઘેર.

ચોપઇ—એડા જોડે ચાલે વહાણ, સોદાગરને રાય સુજાણ; નીકટ પાસે આવે જ્યાહરે, સોદાગર બોલ્યો તાહરે. શાબાશ જે તારી માતને, ધન ભાઇ તારી જાતને; શો અહંકાર એવો જે ખરો, પ્રથમ ચાકરતે માહરો-બારે માણસ ભુપજ થયો, દંડવત કરયામાંથી ગયો; એવા એત્રા બોલ્યો બોલ, તજી ખટાઇ કરો તોલ, રાય કહે સાંભળરે શેઠ, તારૂ અન્ન પડ્યું છે પેટ; અમો છું તમારે નામ, ફરમાવો તો કરીએ કામ, દોહરા—મેહેલ્યું પટંતર પાટીયું તે ઉપર થઇ આવ; વાતો કરવિ સુજની, પાન સોપારી લાવ. ઘડી એક ચાલે નહી, કર્યાં વીના કાંઈ વાત; આવો મહારા વહાણમાં રૂડી જાએ રાત. પગ પડયો જત્ર પાટીએ. આવો કરમ વિચાર; તાણી લીધું પાટીયુ, નાખ્યો જળ મોઝાર.

ચોપઇ—કોઇનો માર્યો કોઇ નવમરે, આયુષ છે તેતો કેમ ડરે; મોટા સમુદ્રમાં મહીપત મળે, મચ્છ તેહને તરતજ ગળે. ગયો મચ્છ તરીને નીર. આવ્યો વાઘ નદીને તીર; નાખી જાય મચ્ચ કાઢીઓ. મુકી ફરશીને વાઢીયો. કાઢયો માનવ શાતા થઇ, ભરીયો આ વનરૂમાં જઇ; અનેક ઓસડાએ ભર્યો, ત્રણ માસ પછી તાજો કર્યો, માસ આઠ થયા જ્યારે, તેજ પુંજ થયો ત્યાહરે; પુછી હકીકત તેની પેર, ચીરી. મચ્છ આણ્યો છે ઘેર. તે વાયક સાંભળીયા કરણ, હાથે વીંટી અમુલખ તરણ. મે [illegible]

તીરથને કારણે અયોધ્યા કેહાર,દેશજ નીહાળ્યા એમ ચાર,એ આવ્યો ઉજેણી નીર, નાહયો તે ક્ષીપ્રાને નિર; મહાકાળેશ્વરને નિરખિયા, હરસીધ પુજીને હરખિયાં; જોયું આપ અવંતી ગામ, ગદ્રપુરી આકારે નામ;દેશમાંરે નહિકો દુખી, સકળ લોક સંપતે સુખી; પવિત્રપુર હિંદું તાહરૂં, મન રહેવાનું થયું મહારૂં. લોક સાથ મારે શું કાજ, એમ બોલ્યો તે પાતે રાજ. તે નહી મને કોઇનો તાપ. અલમસ્ત કરયો તેં આપ, દુખ વીસ્તાર કરયો મેં મુખે, તમે રાજ કરોજી સુખે, દાણો પાણી રહીશું દેશ, પલક માહે પંથ પ્રવેશ.કહે રાય તું મારો પુત્ર; સોંપુ રાજપણું ઘરસુત્ર; ખાઓ પીઓને અલખત કરો, બધો દેશ મારો તાહરો, કહે દુખીઓ સાંભળ સાથ, સમજ્યો આપ પોતે તે વાત; ઇશ્વરે ઘણું આપ્યું હતું એક ઘડીમાં થયું અણછતુ-રાજસીદ્ધનિ નહી ભારે ભુખ, મન ભંડાર તણું નહી ભુખ.ફરી નાર ન દીઠી દ્રષ્ટ, તેથી દીલ માને ઘુંચ કષ્ટ. સુકી વાટમાં અધવજ કથી,હવે આશા તેની તો નથી,એમ કહી મુકયો નીશ્વાસ, અરે દઇવ નવ પોતી આશ, દોહરા—રાય રૂદેમા કોપીઓ આકરું એ છે દુઃખ, અરે માતા હરસિદ્ધ તું, ભાગે એની ભુખ. મહિપત કહેરે મીત્ર સુણ રહો અહીંઆ ખટમાસ,કરોડ વસાએ પુરશે, ઇશવર તારી આશ. સંકટ ભાગુ સરવથા, મેળવું શામ સરવ,તું પામ્યો તો તેં થકી, ચોગણા આપુમરથ. જાણ કરયા વિણ જાણુતુ , ઇશ્વરની તુજ આણ; સમજ દેઇને રાખિઓ વિકરમ બોલ્યો વાણ.

ચોપાઇ—નરપતીને મન ઉપન્યો નેહ,સંતોખીને રાખ્યો તેહ;ઠરી રહયો તે તેને ઠામ. રાય ગયા પોતાને કામ. દોહરા—આપી જોગણિ જોગિનાં, મલકાતી મુખ એક ઉતરી વિકરમ વાડીએ વારૂ તેથી વિવેક.અંગે આભુષણ શોભતુ સંગી સેહી હાથ. ભમવાં અંબર વેશ ધરયો, શોભા ઘણી ત સાથ. તજ પુત્ર ત્રિલોક માન, જોબન રૂપની વાત; રૂપે રૂડી રતી થકી, મહા મનોહર ગાત્ર, માનની પણ જાતે મુની, મુખ ન બોલે વાચ, વજર કઠોરો વશ શુભ. સીદ્ધ મારૂતકો સાચ, નેત્ર કમળ સરિખડા પોયણ સરખા પાન;ગજ ગામનીકટિ કેશરી,મુખ તંબોળજ વાન, જાણે અંતરીક્ષથી ઉતરી ઇંદ્રાસન એમાન;ઉરવશી કે અપશરા,સરવે રૂપ સમાન.કોઇ કહે એ ઇશ્વરી કહે ઉમયા હશે; કો કહે એના ગંધની કોઇ કહે વડ વૃક્ષ.નક્ષત્રવટ નીલાવટી, કદ્રપ વત કપોળ, પરવત મુસ્તક મણી અધરમ બોલે બોલ. બોલાવી બોલે નહી,ઓર ન કોઇથી હાથ; આશ આશક આશા નહી, નહી સંગ કો સાથ, કરોડ ઉપાય સહુ કરે નહી માન ગુમાન કોઇ કળી શકે નહી, વિપરીત દીસે વાણ. ફરે બધા નગર મહી વાત ઘેર ઘેર થાય; નાના મોટાં સઉ મળી,દરશન કરવા જાય; જોવા સરખી જાતરા મોટમ મોઘે મુલ; બહુ સુખી બોલે સઉ, સ્તુત નીધ રામતુલ્ય, દિવસ સાત થયા જયાહરે આવીવાત વિવેક; એટલે બીજી જોગણી આવી નગરમાં એક. ચતુરા રૂપ છે ચોગણુ, ભાગ્ય તણો ભંડાર. પદમણીથી પંદરઘણુ,અદભુત રૂપ અપાર,નખશી-

એ તે નીરખતાં ક્ષણુ ન તેમાં ખોડ; વનિતા ઉતરી વાડીએ એકજ બીજી જોડ કઉ-તક દીઠું કારમુ નરનારીને નેહ એક એકથી આગળી, વાડીમાં જાય તેહ, ઉજવળ પરમ અંગ ધરી, અક્ષ ન કોની આશ; એક હતી તે બે થઇ, પ્રીતે બેઠી પાસ. મુનિ જનનો મહીમા ઘણો વારૂ મોટું વ્રત; આશનાવાળી રીહી રહી,તપ કરવાને તરત; દીવસ વીસજ વહી ગયા, કરમ વાત છે કરણુ.ઝાઝું ભુવન તે જેગણી, વેવેળા થઇ તરણુ ભમણુરૂપ છે બેથકી અંક્ષવતી અવતાર,બે બેઠીતી બાળકા, ત્રીજી ગઇ તેહાર. એક કઉતક અવનવું, દેખે બધું ગામ- મુનીવ્રત ત્રણ માનની, ઠરી રહી તે ઠામ.

ચોપાઇ—જે નીરખે તે સુખીયા થાય, સભા મધે સહુ વાતો થાય; લોકે વાત તો પેરે કહી,વીકરમ આગળ જઇને કહી દરશન સારૂ આપ પરવરો, સફળ જન્મારોરા-જા કરો; દરશન કરો તમ હાથે સરવ, કરિ દરશન મુકો મન ગરવ.ઘણું રૂપ જોડીયા પાસ; આપણા સરખી રાખે દાસ; વિકરમસેન ત્યાં આવ્યો આપ, કુડ કપટ તજીને આપ.દીઠુ દેવિનું દરશન, હરખ્યું એ મહીપતીનું મન; નારી ચરચા ઘણા દીન જોઇ. મનશા સીહ્ન રહે મન મોહિ. તેને મન રાય તેરાં, કસઉને સરખું આંક આંક; અદ્રષ્ટ વિચારાજા જોય, તેનો પાર ન પામે કોય. રાત દીવસને સાંજસવાર, જોયા પારખા અપર પાર;આકુળ વ્યાકુળ સરવ થાય, બોલે નહી તે શું કહેવાય.

દોહરા—રાયે પેટ વજડાવીયો, અધિક ફેરવી આણુ, ડાહ્યો એવો ચતુર નર,કરે અમારૂ કામ. હલવા પડી સહુ થકી બોલાવું બધું ગામ; તોએ સરે નહી કામજો હુંશથી બોલવા જોઉં વણુ મોતે મરવું પડે, ખાંતે વિખ કેમ ખાઉં; હરખે હોડજ પાડીય, વીક્રમ શું વિવાદ, જુઠા પડીયે મલકમાં, રાય ઉતારે નાદ.

ચોપાઇ—કોઇ નવ ઘાલી ત્યાં હામ,રહ્યું સાંભળી આખું ગામ; સભા ભરી બેઠા જ્યાહરે,પ્રથમ પંડીત બોલ્યા તાહરે.મહારાજ અરજ સુણો માહરી, નિર્મળ બુદ્ધ સાથે તાહરી; તારી પ્રાક્રમ એવી હોય, મુણુ વીચુ બોલાવે નહી કોય, કરજોડીને બો-લ્યો પ્રધાન, મહિપતને દેઇ બહુ માન; કોડવશ કહીએ શું કથી બોલાવનાર બીજોકો નથી. નગરશેઠ તે આવ્યા પાસ, અધિક રાયને દીધી આશ, કરજોડીને માગું અમો, ઘરમાં રાખ્યીયો, નીત્યે રમો, મહિપતજો તમને મનગમે, તેનો ઉચાટ અમને સમે; બોલાવે બોલજ આ ઠામ. વડો વિર દુખભંજન નામ, ઠામ ઠામથી સઉકો કહે, કરજો ડીને ઉભા રહે; અધીપતીને અચરત અડયું, બીજું કષ્ટ આવિને પડયું; શા પ્રમરે કરશું સ્નેહી તોએ તરુણિ બોલે નહી.અહકુ જોર કરવું છે આપ,શકતી રૂપજ હશે આપ.હશે મને ઉજેણી ગામ, પણ ન બતાવે એ ઠામ; કયાં જઇને કો આગળ કહું, બોલાવ્યા વિના નહીં રહું. રત્ન અમુલખ લાખ કરોડ, મેલ્યું તે જુવતીની જોડ; તે ઉપર કરે નવ દ્રષ્ટ,જેવી પથ્થર ઉપર પ્રષ્ટ. માટીના ઢગલા છે જેમ, રત્ન રહ્યાં છે તેમને તેમ, બીજે દીવસ ઉજેણી ઘણી અસ્તુતી કીધી તે તણી નીમેશ માત્ર સા

સું નવ જોય, પણ પોતાનું તે નવ ખોય; તેમાં નવીમાં મોટા મરમ;નીરાકારે સાકારે ભરમ. ભરમવત ભાસે ભામની. કરી ઉપાય બોલી કામની, આ દસમ અજવાળી તણી, ભરી પુજા સામગ્રીધણી. અતર ચોહેક કસ્તુરિ કરોડ, બરાસ વીધ આગળ મરોડ; કુમકુમ કેશરને અરગજા, માલતી માયા મધની ધ્વજા. ભરી ચાલીયો છાબ વીવીધ જ્યાં સાચા શકિત હરસીધ; દીપક જોતછે ઝાકઝમાળ, પંચામ્રને કરી પખાળ શાસ્ત્રવત પુજા પુરી કરી, તવતકયા ત્રિપુરાસુંદર; માગ મારજે રૂડા રાજ,જેહ મનમાં હોએ કાજ.

દોહરો–અધિપત કહે સુણ અંબિકા, મનવાંછિત દાતાર, મારે તારો આશરો, નોધારાના આધાર. હુતો આહરી અન્તનો અકવ ઓછી એ આપ; મહી મંડલ મહીમા વધ્યો, એ તારા પ્રતાપ. સંકટ જે તે શેહેજનું છે તું જાણે માત, દેવિ આવી દેશમાં વિપરીત મોટી વાત; કોઇ કળી શકે નહી, એ નવ બાલે મુખ વાત તો મુજ આગળ કરે તે તો થાયે સુખ નગર બધુ સુજને કહે,જાઓ બોલાઓ રાય,માટે બોલે માનની, તો મારે મહીમાય. બીજો દુખી બાપડો બેસારયા છે બહાર તે નર સુખ કેમ પામશે; કેમ દખે એ નાર, એ બે સંકટ સામટા આવી અટીયાં આજ, તે ઉપાય મુજને કહો; રહે આપણી લાજ.

ચોપાઇ–કહે અંબીકા સાંભળી ભુપ, રાજ રીદ્ધરાજા ગુણરૂપ; એ વાતો સઘળી છે શેહેલ, કહુ ઉત્પત પરમારથ પેર, જે દુઃખી તે રાખ્યો ઘેર પ્રથમ કહું તે એની પેર, પ્રથમ પ્રધાન હતો જ્યારે, માનની રહી મંદીર ત્યાહરે, મન વિચાર કરયો તે નાર, કાજે ભમ ભુપત ભરથાર; સસરાનું સુખ મારે કશું. એવું માનનીને મન વસ્યું તજી ભોગ ભાવે ભોગણી; ચોળી રાખ થઇ જોગણી; મુનીવ્રત કરીને રાય, નીકળી અડસટ તીરથ જાય; ફરતી ફરતી દેશ વિદેશ; કર્યો ઉજેણીમાં પ્રવેશ; સાંભળ રાજા કહું તે કારણ, પેલી એક પછે થઇ તરણ પવીત્ર તારૂં જાણ્યું ગામ, દરી રહી એ તેણે ઠામ; કોઇ કોઇને ઓળખતું નથી,એવી કરમનિ કથા કથી. એ ઉપરમુજ, હું કહું તે કરજો સુજ. પ્રકાશ વાત કરશો જ્યાહારે, હુ કરો દેશે ત્યાહરે, દોહરા–કરૂણા અમ કરૂણા નીધિ, મહીપતે દીધા માન; પ્રથમ કહ્યુ પરમેશ્વરી, થયાંજ અંતરધ્યાન. પુરમાં આવ્યોપુરપતી હરખ્યોછે મન માંય; જેને માથે અંબિકા તે કેમ ગાજ્યો જાય. ચોપાઇ–વચન કારમું જે કહ્યું, મહીપને તે મનમાં લહ્યું. સભા ભરી બેઠા જ્યાહરે, વળી લોક બોલ્યા તાહરે, એ દેવી નવ બોલે વેદ;ભુપત તમથી ભાગે ભેદ; વાત સુણીને રાયજ હસ્યો, બોલ લોકનો મન વસ્યો, છઠી અસ્વારી આપે ચડયો, એક મહુરતમાં આવી અડયો. પાછળતો રપયત તરેવરી, પ્રજા સહુ જોવા પરવરી ધૂત વનીતાને બોલાવશે, રાજા એને બોલાવશે; જોઇએ કેવો જે રાય, બોલાવે છે કોણ ઉપાય પ્રીતિથી કીધો પ્રમાણ, તુજ આગળ બહુ નામ; બોલાવી બોલે નવ

કેક, સ્વપ્નામાં સામું નવ જોય.

છપ્પો–રતનવંતિનો રાજ, લાજ જુગમાં છે જેનિ; અતીમાનીતી નાર; શોક્યની સપુત તેની અમરૂત પેરે સાર, જેહાર મન લાગ્યોમીઠો કામની કપટેકુંવર તેડયોઆ જે સઉ દીઠે અધીપતીને એકટો નીંધા કરી નારા તણી; નીધી રાજ તવ નીકરયો, કામની કોપી છે ઘણી; પત્ર લખ્યો પતીને પછી. જોરાવશીએ જાર; ભાર ખોયાજ તિને મેલ્યો કરમ કટાર, સાર નીશાની શોધી બધી, બહુ વીષ શીખ દીધી લાગી જ્વાળાશીશ, રિશ બહુ રાયે કીધી; પત્ર લખ્યો પ્રધાન જોઇને જોઇ પેરપેર તે કામ જ કોટી વરાં કરો; વાંચી જોતાં વેર તે પ્રધાન જોઇ તે નેટ, પેર તે તનને તેડયો; પુત્રી પોતાની પેટ, હેઠ જવા મન ખેડો; પલક કરી નહી પ્રીત રામની રીતજ રાખીપુરણ થઇ પરતીત, ચીત શોધુમત સાખી; તતક્ષણ તેને કાળ,બાળ પરણાવી તેને; રાખ્યો; મહીપત મેહેલ, દસતાતા જેને. અશ્વ તજીને એકલો અરધી રાત અધીપત ગયો; વિક્રમ કહે વનિતા સુણો. પછી ઉપાય તે શો થયો.

દોહરો–કરસે સાંભળી કામની, જુગતે જોડયા હામ; ઉભી થઇ આદર કરી, બોલી રાજા સાથ, કહો તે નર કયારે મળ્યો; સાચુ બોલો રાય; પ્રણામ કરીને પ્રીતશું, નારી લાગી પાય. કરાર કરોરે કામની, સઘળી વાત છે શેહેલ; જા મંદીર તું આહરે, ઉતરો જઇને મેહેલ. મેહેલ ઉતારિ માનનિ, નવમાંથી એક; બે આગળ બીજી વરાં, કહિ વાત વિવેક, ચોપાઇ–વિક્રમ કહે સાંભળરે બખે, હું કારો દેજેતમ સુખે, મરજ પડે તો કાને ધરો, નહિતર નિંદ્રા સુખે કરો; વાત આરથહીએ જો આજ જો બોલો તો સરશે કાજ; એમ કહિને બોલ્યો બોલ ઉતાર વાત રૂણિને તોલ.

છપ્પો–વેરાવલ ગામનું નુર, સુરસંગ રાજાતેતો અકલવંત અતી આપ પ્રતાપ યશ મહિમા એતો કન્યારૂપ અનુપ, નમ શુભ રૂપા નામે; માંડયો વિવાહ અંગ, કન્યાને કામે, દેવિસેનનો દીકરો, પદમસેનશુભ નામ; પરણુવાને પ્રીતે નકી, જાન આવી શુભ ગામમાં. વણિક વેલચંદ સાથ, પ્રીત કન્યાને ઝાઝી, નીત્ય મળેએકાંત ભરાંત નહી દિલથી રિઝી, પ્રીતે પાસ તેડી કહ્યું,વદેશે તેડી જા સુને. મને તુજસાથે મગ્ન છે, લગન લાગી મુજ તુજને, નરે જવા ના કહિ, માનની આવી માળીએ. કામની કહે કોપુ અમો દેવરાવું હું સુળીએ, થરથર ધ્રુજે તેહ. નેહ યારીશું જોડે, સાંઢીયો એક સુજાણ ખુંટ ખીલથી છાંડે, માળીયા પોતે ચંત મંથ પળીયા તે જ્યારે; ચરણથી ઝાઝર એક, પડયું નારીનું તારે, જાણ થયુંએ જુવતિને. રાખી સાંઢ મારગ મળ્યો વેલચંદ તો વાટથી, ઝાંઝર લેવાને વળ્યો. અતી થાય ઉચાટ, વાટ તે વળિસા ઘરના, જાવું દેશ વીદેશ, લાગી માયા ઝાંઝરની, વટેમારગુ ઘેર, ઝાંઝર ઝડયું તે વાટે, તે મોટા મહિપાળ, ગયો દેવાને માટે, શામા હાથે શોંપીયું બાળા કહે બેસો સુખે; એડી સાંઢ સુખે કરી, માંડી વાત મહીપત મુખે. પ્રીતે થયા

પ્રભાત, જાત દીઠી સજ્જનની, પછી અરજ એકાંત, ભરાંત તે ભાગી મનની, રામા દીઠી રૂપ; ભુપ તે દીઠો ભારી, ક્ષણુ ન લાગી વાર;રીઝી ઘણું દિન નારી,ગુણુસાગર ગુણુનીધ, મુળ કારજ સમાનાં સરયાં, ગાંધર્વ વીવાહ વાટે કર્યો, તેથી પંથે પરવર્યો, અરધી રાત અઘોર; ચોર નવ મારે જોતે, વનમાં માર્યો વાઘ; પરાક્રમ કીધું પોતે, આગળ ઊપકુ ગ્રામ. ધામ સુંદર ત્યાં દીઠા, નીરમળ તેનાં નીર; તીર શુભસાગર મીઠાં,પદ્મણી પાર ઉતારીયાં, રાજા રીદ્ધ લેવા ગયો, વિક્રમ કહે વનીતા સુણો, તેનો ઉપાય તે શો થયો.

દોહરા–સુંદરીએ તે સાંભળ્યું, ઓલાપ તવ; ઉઠીને આદર કર્યો, પ્રીતે લાગી પાગ. સઉએ મન સાંભળે, તેમ તે બોલી નાર; એમ એ નર કયાં મળ્યો, પુછે વારંવાર. તન મન ધન સોંપુ તુને, જે કારણુ આંઇ ગ્રામ, અગર અમે નહીં કોઇશું કામનીને મન ભોગ વીક્રમ કહે વનીતા સુણો, પરણો પ્રીતે તે પેર; ઉતારો મારા મહેલમાં ઘણા હેતથી ઘેર. મહીપત મળશે માનની દીલ સાચાથી દાઝ, જા મોહોલે મુજ મંદીરે જરૂર દેવા સાથ, નારિ ગઇ ન ચીંતશું, વિનય કરી વિવેક; વાડીમાં વનીતા રહી, ત્રણેમાંથી એક.કહે રાય સુણુ કામની, કહુ તે સાંભળ વાત, હિયો ન દેશ હું તારે જાણું મનમાં જાત કથા હોયે તુજ કામની; તો જોડે તું વાત, નહીતર બેઠી સાંભળે, વદત કહ્યું જે વેણુ, કવાત ભણે કોડે કરી, ઘણુ વિચારી અરથ, મન જો માને માનુની, આપ બિચારે અરથ,

છપ્પો–મણીપુર નગર નીધાન, માનસંગ રાજા મોટો; મોટા સાગરની તીરતો, વહાણુવટી વેગે પોતો, રાયશુ કીધી પ્રીત, સમીપે ગયો તે જ્યારે, રત્ન પરીક્ષક કોઇ, નથી કોઇ તુલે તારે; કહે સુણુ તેનો માલ. માલ શો ગુણુ તેમાં, અંધારે ઉજેસ વેશ પ્રગટ છે જેમાં, કરિ વહાણુવટ, આપ દેરે આવ્યો સુખે, કહો રત્નનું પારખું, રાજવી મહીપત તેડે મુખે ઉઠી વાણોતર એક, ગયો અધીપત પાસે; સદળ કળા સુજાણુ. નવ મહીપત સાથે એક, દામદશ કરોડનું; જળમાં પેસો જ્યાહરે; નક્ષત્ર ભદ નીરમળ નહી, જળ તો ભેદ તાહરે, બીજું થયું બળહીણુ કરીજ પરીપા પોતે ભાગ્યું છે જે દીન; ત્યાં વાળ એકજ વળગ્યો કરે કોટી ઉપાય, થાય નહી તેતો અળગો, ભરાંતેથી તે ભાગ્યું, નીકળી વાળ બાખું પડયું, બહુ બુધસાગર નરખીયેહ, અચરત તો આવિ અડયું, પદમણી પરનેહ. દેહ દેવાંશી જેવું. જેવો રાય અનુપ, રૂપ રંભા છે તેવિ, પરણુ રૂડી પેર ઘેર પોતાને રાખ્યો માલ, તો અપરંપાર, હાર દુખભોજન દાખો, હાથી ઘોડા ગરથ;ઘણા રીદ્ધ લાખેણી લાણુમાં; વરસ કેડે વનિતા બોલાવી છે વહાણુમાં, નવું કરી આપ્યું વહાણ જાણુ પુરૂપ છે જો, વહાણુવટીની સાથમાં, કામ કરે તે ખોટ દીઠી રત્નવંત નાર; લેખેબહુ લાહો લાગ્યે; એહ હમારો ગુલામ, થયો અમથી બહુ આધો; વિચારયું વહાણુવટીએ, કપટ આપણે તો કીજે;

નરનાખું જલ માંહ નારી આપણ તો લીજે, કપટની કીધી રીત; પ્રીતી બહુ નરની આવ્યાં હમારાં વહાણ જાય જાતોકરે ઘરની, પાડ્યું પહોળું પાટ-વાત કરી જાવાની પુરૂશ પરઠયા પામ લાગ જોઇ હાવાની; તાણ્યું ફાટ્યું તે ઘડી. પુરૂષ તે પાણીમા પડયો વિકરમ કહે વનીતા સુણો, જુવતીને નર કર અડયો

દોહરા—કર જોડયા તે કામની, કરોક દંડવત કીધ; પાંચ પ્રદક્ષણા પ્રીતથી, કુંશ ધરીને દીધ. નરનારીને કાંજડે, કહો શીઘ્ર એ વાત; એક મહુરત ઉભી રહી, જાવે સઉ માનવ જાત. મહીપત કહેરે માનની, મોહોલ અમારે રાય; જો અમે ઓર્તીહને, તોતો મેળવું રાય. પ્રણામ કરી નારી નમી, પુરણ પ્રીતે ઘેર; વની તો વાડી તજી, ગઇ રાયને ઘેર. અચરત થયુ સઉ લોકને શું બોલ્યા એ રાય, માન મુકીને માનની, જુવતી મહેલે જાય. વાત વનીતાં મન તણી, તે નવ જાણે અન્ય; મામા સામી સમજીયા, માનની પોત મન.

ચોપઈ—નીદીપ નીશા તે વહાણે નાહ, અધિપતિ મન પામ્યો હુલાહ;જીતી જેમણી લોકો કહે,ધીર વીર મનમાં લહે. આવી બેઠા મંદિર માંહ્ય,એટલે નર આવ્યો ત્યાંહ; મને વદાય રાજા કીજીએ, હુકમ જાવાનો દીજીએ. તમે કહ્યું જે ભાગુ ભુખ, શાહજા કરાં થયું છે સુખ; વહોહ થયો જુવતીનો ઘણો, કેમ મેળો થાયે તે તણો.તમો તે તેમાં શુ કરો,માનવનો તે શો આશરો; જે વસ્તુ મારગમાં પડે,તે બારે વરસે કેમ જડે,બોલે હેતે એકેકુ નામ,તેનું ઘેલો જાણવું નામ, હવે નહી રહું અદઘડી જુગત જાત રોહેડે ચડી. ત્યાં જેમણ બેઠી ત્રણ, નરને નરપત લાગ્યો ચારણ દીઠો આપ અધીપત ઓટ, ઉઠી કામની વળગી કોટ. તું મારો પરણ્યો ભરથાર, હું શી સુરૂપ હઇડાનો હાર; જેમણ વેશ તજ્યો અનુપ, થઇ રામા તે આપ સ્વરૂપ. સહુ કોઇનુ વીસ્મત કહયું લક્ષણ જોતાં સાચુ લહ્યું, રાજા આપ રાણીયો તણા, શુભ શણગાર અમુલખ ઘણા. સત્યવાદી દીઠો રાજન,માન્યુ તે વિકરમનું મન; દાનત સાબુત હોય નરનામ જેને દીલ વસે તે રામ. પુત્રી પોતાના પેટજ તણી, રૂપવંત રૂડી છે ઘણી; મહિપતીને પરણાવી માન,દીધાં કનક તણાં બહુ દાન, પોતની પુત્રી છે એક તેવી બીજી ગણુ વિવેક; સાત આપી છે સાહેલડી,રમત કારણ બાહેલ,સુખપાલમાં સોહામણુ સરવ, ભરયા માલ.ખજાના દ્રવ્ય; અમે તો રહો આ પાસ, નીકર પધારો તમપુર વાસ. કહે જમાત્ર અધીપતી આપ, જેમ જીવતાં તે માબાપ; એટલી હુંશ હઇડામાં હોય,મારૂં રાજ કરે નહી કોય. દોહરા—ત્યારે તઇયારી કરી. મહીપત દિધાં માન;મન ઘણેરો મોકલ્યો,જાવો વળાવો સાથ. પટાભીષેક કરી, રાજ બેસારો પ્રીત-આજ્ઞા લેઇ એહની,પોતે પધાર્યા પ્રિત.ચાર કન્યા ન ચતુર નર, ચાલ્યા;સઉકોગામ, વાગ્યાં નિશાનો ગડગડયાં. વળતાં આવ્યા તે ઠામ, વિતી નગરી વેગે કરિ. આકુળ વ્યાકુળ થાય; પાછે પગરે પુરપતી આપે મળવા જાય. વિકરમ રાજા દુખ હરણ,

કહે સઉ વાટ વાહે, આમ નસીબ ઉપર ચડે, વાંક શા માટે. નિત્ય સલામી આપીએ,રહીએ નિત્ય કરજોડ;શા માટે આમ શું વદે,મનમાં આણે કોડ. અમે આ- આરો શેશ નહી,સુખ સઘળું છે તાજ; અમો તો સઉ કાસીએ. હવે તમારૂં રાજ. સતવાદી સુત મારીઓ, મોટું બેઠાં પાપ; ત્રિવેણિમાં તન તજુ. વેદ પુરાણે છાપ. પ્રધાન કહે સુણો, પુરપતિ,મનાવિયુ તુજ મન; પ્રધાન દુખભંજન તણો. આપ્યો તુ- જને તન તરયા પ્રધાન પ્રતાપથી, ઉગર્યાઆપે કાયઃઆત્મુષરમ અહકેરડુ, માજે નહિ તે હોય. પુત્ર આવ્યો પીતા કને; દીઠો જ્યારે દ્રષ્ટ; સકળ દેહ શીતળ થયું, થઇ અત્ર- તનિ ગ્રહ અંગે અંગ ભેગા મળ્યાં પુરણ કરિ મન પેર;હું હુબી વાજે દેશમાં, ગયો પોતાને ઘેર.મળ્યો જઇ માબાપને,ત્યાંથી તેતો આપ;વળ્યો ઘેર વિક્રરમતણે, તે તારો પ્રતાપ. અલબત અમોને અતી ઘણિ, તેહ તમારૂ નામ;વિક્રરમ પુત્રિ પાયે નમી, પુછે રહી શી નુન્ય. પાટે બેસાડયો પાટવિ, વનિતા ઉતરિ વાસ; સુખ સાગર માંહે પડયો,લીલા લેહેર વિલાસ; પ્રધાન તે પાછો વળ્યો, ગયો અહંતી દેશ; હજુર ને હકિકત કહી,હરખ્યો બાપ નરેશ. પીતા પુત્ર એકઠા થયા,કરે ગુંજએકાંત;વિતા વરસ પંદર તણિ, ભાગુ મનની ભરાંત કેમ ઉગર્યા તે કયાં રહયા, પરણ્યા કન્યા ચાર,દુઃખભંજનની દીકરિ. કેમ થઇ ઘરવાર. મારા સમ માડિ કહો, કઉતક મોટૂ મુજ;કેમ અહીંયાંથી ઉગર્યો તે હું પુછુ તુજ.

ચોપાઇ—સાંભળરે સત્યવાદિ તાત, કહું કરમ કથાનિ વાત; તમો સંકટ દહિએ ગયા,રાજદ્વારે તમો રહ્યા. રમતાં દડો દોડાવ્યો આંય, પેઠ્યો અપરમાતનો મેહેલમાંય;લેવા મહેલની માંહે ગયો, વરેહ વનિતા દેહે થયો. વિરહિ કહેવા માંડી વાત, મેં મુખથિ તેને કહી માત, નિકળ્યો છેતરિને તે ઠાર. કરમાંથી પટ્યો કટાર, માનની મનમા ઝાંખી થઇ,શામાણુદ્ર શતરૂવત થઇ;તમને કાગળ લખત ખારવા, તમેલખ્યુ મુજને મારવા. પ્રધાન પારખાં જોયાં ઘણું,સાચાં ચેન દીઠાં અમ તણાં;પુત્રિ પરણા- વિ રાખી ઘેર, પછી મેં વિચારિયુ પેર. ભુંડુ સસરા ઘરનું ધાન. અહી રહયાથી છે અપમાન;નિકળ્યો અડવી લેઇ રાત,નાની નીરમળ જાણી વાત;મુનીવ્રત લઇજોગણ થઇ,અડસઠ તીરથ કામે ગઇ. હું ગયો વીદેશ ઘણે ઘાટમાં,વનીતા તેહ મળાં વાટ- માં;સાંઢબેસી સાથેજાય,પડયું ઝાંઝરપગનું મહાભાર.તેહપુરૂષ પાછોવળ્યો, માબાપ પોતાનાને મળયો;પડ્યું ઝાંઝર તેનું તે જડયું,ગયો આપવા અચરત અડયું. બેસા ડયો સાંઢે નારી નેહ, ગયા વેગળા પંથે વેચ;શામા મુકી સરોવર પાળ, ગયો સોદો લેવા તે ઠાર. આવ્યો ફકીર કરવાને ક્રામ, મુજ પાસે ત માગ્યા થામ; મેં કહ્યું જે વેચો મુને તો તો જરજ જડશે તુને. સોદાગરનો આવ્યો સાથ, દ્રવ્ય સન્યાસી હાથ; વાટ જોઇને વનીતા રાહે, મુનીવરત લઇ જોગણ થઇ. વહાણવટી સાથે ચાલી યો. ઘણા દેશ દ્રષ્ટ ભાળીયા; છીપ્યા વહાણો દેશે જઇ. ત્યાં હકીકત રૂડી થઇ,

રત્ન પારખ્યું માન્યુ મન, રીઝયો તે દેશનો રાજન; તેને મનોહર કીધી ઘણી, પુત્રી પરણાવી પોતાતણી; હાથી ઘોડા દીધાં માન; પાછા ફરયા તેવા તે ગામ. વહાણવટીની નજરજ ફરી, તેણે ધારયું ધન લેવું હરી. માલ ખજાનો લુટાવી લીધ. વિશ આપ એગણુનો કીધ, મારે મરૂ છે મુજને ગળયો.ત્યારે કોકજ અહીયાંથી મળયો, નાખી જળને વિચારયું પેટ. નર કાઢયો તેમાંથી નેટ. પેલ પાથરિ તાજો કરયો, અટમાસ તે ઠેકાણે ઠરયો; વીંટી હાથ અમુલખ હતી; તે રાખી હતી અણુછતી. અટઅટ તીરથ કરતો કામ. અયો આપ ઉજેણી ગામ, ઘેલો થઇને ફરતોફરૂ. કઉતક નિત્યે નવા નવા કરૂ,કોઇ સંભવે આવી અડયો;દુખભંજનની દ્રષ્ટે પડયો.સમદેવરાવી લીધો પાર. રાય રાખ્યો રાજદરબાર. નરપત સાથે કીધો નેહ, તે જાણે પોતાની દેહ. રાયે વાત સુણી તે કરણ,આવી જેમણી ઉજણે ત્રણ. બધું ગામ તેને વશ થયુ, તે કારણ તેને નવ લહ્યું; પછી જોયા બહુ પ્રતાપ. ઊઠયો અધીપતી આપો આપ. એક ચક્રવતે તાણિ આત્ર સાત્વિક રાજા છેજ સુજાણ; અપરંપાર મહીમા હરસીદ્ધ, વાસ વસે જેને ઘર નિદ્ધ, જીત્યો જેણે દ્રઢ મન ધરી, પ્રતન જેને આપે વીર, એક ચક્વતે તાણી આવ,સાવીક રાજા છેજ સુજોગ પુરૂષ જોવાની જાત્રા.તે આગળત તરૂણી કોણ માત્ર; આપો આપ અંબાએ કહ્યું, ત્યારથી જ્ઞાન રાજાને થયું, વનીતા મનની કહી ત્યાં વરત, બોલાવી તરૂણિ તરત, તેડ લાવો પોતાને ઘેર, કરયો મેળાપ બહુ રૂડી પેર. દીઠી ઓળખી દીલથી તેહ. ઉપન્યો નરનારીને નેહ; પવિત્ર જાણિ મુજ ધણિ, પુત્રી પરણાવિ પોતા તણિ,સાસરવાસા સરખા સરવ,આપ્યો મુજને અનંગળ દ્રવ્ય, પ્રીતે કરીને રાખ્યો પાસ. મને કહયુ જે રહો અવાસ; અમો કહયું જે આપો આપ, મળુ જઇ મારા માબાપ. પ્રધાન પાછળ પહોંચાડીઓ; મહીપતે સુખ પમાડીઓ,આવિ વિધા તારે ચરણ,કહી કથા તે વારે પુરઅ અવર માત મારી ગુરૂ હોય;એને દુખ ન દેશો કોય, પામ્યો અલખ આપે ધણિ, પુર એ પ્રતાપજ તણી; કરોડ પસાય પ્રધાને કીધો, આજ પુત્રતેન ઉતમ પ્રાક્રમ વિક્રમ ચતુર સુજાણ, પ્રાક્રમે તમથી થાય, તો આશાન બેસો ભોજરાય ભામનીએ તે વચનજ ભાખ્ય; પુરણ પંડીતે લક્ષણ લખ્યાં. પરમારથ તો છે પુરાણ. સમજે શાહ ચતુરસુજાણ પ્રાક્રમ કથા કહી એ તણિ. શ્રીગોડબ્રાહ્મણ સામળ કવિ, ગુજર દેશ પવીત્ર પાસ.ત્યારૂ વેગણપુરમાં વાસ. દોહરા–કહે પુતળી ભોજ સુણ, એવો દુખભંજન રાય. એવા પાક્રમ જો કરો; ધરો સીંહાસન પાય. એમ કહીને પુતળી, આપે ગઇ આકાશ. એહ કથા પુરણ થઇ, કહે કવી સામળદાસ, બ્રાહ્મણ ભાટ ચારણ સહુ, સાંભળજો કરજોડ. સામળભટ કહે બોલજો; જે જે શ્રી રણછોડ.

વારતા ૨૬ મી માધવાનળની.

અઘનાશના નામની છવિસમી પુતળી બોલે છે તે વારતા રાજા ભોજ સાંભળે છે.

દોહરો—શ્રી સમરૂ શુભ સારદા'અલખત તું આધાર; વેણા પુસ્તક ધારીણી,બુદ્ધ તણી દાતાર,સીતાપતી શ્રી રામજી. સકળ શુખ શુભ ધામ; જગતપાવન જુગદીશ તું રાવજી લોચન રામ,ભકતી દેયણ મહીમા ઘણો,કલંક નીવારણ કામ;રઘુકુળદીવ્ય દીપાવીયું,રાજી લોચનરામ, જમદુત ડંડ દેખાણો; નરકાતક નીજ નામ. રાવણ રોળણ લંકપત. રાજીવ લોચન રામ, અધમ ઓધારણ અધીપતી, ધીશ અયોધ્યા ધામ; વગર વોળાંમણ વાતનું,રાજીવ લોચન રામ.

છપ્પો—કોઇ કહે શ્રીરામ, કોઈ રામેશ્વર પુજે; કોશીવ શીવ કહે, સત્યજર ભવાની જુજે. કોઇ કહે ગોવીંદ, કોઇ મોરલીધર માને; કોઇ ઉપવાન અન્યકો જુગજીવન જાણે, હાલેચાલે ઘણું, ત્યાર સુધી સરવ કામનું; અવસાન શમે સઉકો કહે, શામળ નામ શ્રીરામનું. ચોપાઈ—શ્રી ગણુપતને નામું નીશ, આરાધુ ઉમીયાપત ઇશ; શ્રી ધારાનગરનો ભુપ રાય ભોજ સગુણ સરૂપ. રાજ કરે તોમારજ તણું. શું વખાણ કરૂં હું ઘણું;વાસવસે અઢારે વરણ, શુભ રૂડા તેના આચરણ. ભાનુચંદ; શા વીવિધ વીવેક, નીરમળ નામે નારી એક; ભાનુચંદશા શુભ છે શેઠ, નથીપુત્ર કે પુત્રી પેટ,ભાનુચંદનો ભારજ ઘણો,વાણોતુર વહાણ વેપારી તણો; મહુરત વહાણ ચઢયાનું લીધ, કુમકુમ તીલક માનનીયે કીધ. સહુ સજ્જન વોળાવા સાથ. શ્રીફળ ફોફળ લીધાં હાથ;સજ્જન વળાવી પાછા વળ્યા. પોતે વહાણુવટાને મળ્યા. હાંકયાં વાહાણ અરણુવ તે ગયા,ભાનુચંદશા કામે થયા,વ્રક્ષ આંબલીનું ગંભીર.રહો તો ખેચર તેને તીર, નારી વાળાવા ગઇતી નેટ,ઉભાં રહ્યાંતાં વ્રક્ષજ હેઠ;મારાશમ વહેલા આવજો,કામકાજ રૂડાં કહાવજો;એમ કહ્યું નારે જેટલે,સાંભલ્યું તે પ્રીતે તેટલે; ભાનું દીઠું તું રૂપ, ભાળયું ભુતે ભારે ભુપ. પરઠયો તેણે મહા પ્રપંચ, સાંધ્યોતેણે તે વેળા સચ;તેનું રૂપ ખેલે લાવિયો પુંઠે પુંઠે મંદિર આવીયો. પાડોશી પ્રીતે ધાઇ મળયા વહાણ થકી કેમ પાછા વળયા, અરે નારી હું શું કહું તુને, પુરવ્યો નહી મુશારો મુને; પરઠણ કદી તે ન બની પેર, આવ્યો તરતહું પાછો ઘેર,ભલે આવ્યા કરો ઘર કામ, રહો ઠરીરે આપણે ઠામ, નાત જાત કરે કુળ કરમ; મોહિલો કોઇ ન સમજે મરમ, રહયો ધરભ ધરણીને પેટ,મામત ખવરાવે દહાડી નેટ; વેચે માલ મન ગમતો સુદ.સુવાવડે ખવરાવી સવામણ સુંઠ, નારીને ઉપન્યો બહુ નેહ, વહાલો ગણી પોતાની દેહ;એકે વાતે નવ આવી આંચ,પ્રીતે બાળક પ્રગટયાં પાંચ,તન મન ધન તે જાણે બાપ, પહીનગર બધામાં છાપ;ઓળખે પુર કરો પ્રધાન, કરે સલામ કે દહાડી માન એમ કરતાં વિત્યા વરસજ બાર,વહાંણ મધેશો થયો વીચાર,ભાનુચંદ

જે વહાણે ગયો, સહુકો માંહે શિરિમણી થયો, પછી સહુમાં તેની શાખ. શેઠને દ્રવ્ય રળી આપયો લાખ. જીવ પ્રાણથી વહાલો તેહ, ભાનુ ઉપર સહુને નેહ;વશ વરતી રહ્યું છે સરવ,આપ કમાયો અઢકો દ્રવ્ય રળી દ્રવ્ય,સહુ પાછા વળ્યા, દેશ પોતાને પંથે પળ્યા; જોજન એક રહ્યું જ્યાહરે, મંદીર વધામણી ગઇ ત્યાહરે,કાગળ લખી મોકલીઓ ઘેર, મુખ જુવાની પ્રિતે પેર. કાગળ વિપ્ર લઇ ઘેર ગયો, ભાનુચંદને ઘેરજ રહયો; બેઠો ભાનુ બીજે બારણું, પામ્યો અચરત અદકુ કારણે.

દોહરા—વિપ્ર કહે સુણ વાણીઆ, તેં મુજ આપ્યું પત્ર,મુજથી આગળ કેમઆ-વિયો; એ મોટું અચરત. માનુ કહે અલ્યા બ્રાહ્મણા,કોણ ભાનાની નાર;આંત્રા જાતું અહીં થકી, નહીતો ખાઇશ માર, વિપ્ર વળ્યો વિસ્મે ઘણું, ગયો વહાણમાં વરત; વહાણમાં દીઠો વાણીઓ, જે ભાનુચંદ તરત.કહોભાઇ કાગળ આપીઓ; જોયુમુજ ઘરબાર, કુશળખેમ ઘરની કહો, શું કરે મુજ ઘરનાર; વીપ્ર કહેરે વાણીયા, તુજ મંદીર ઉત્પાત, ભાનુચંદ એક ત્યાં હતો; જોતા તારિ જાત. છત બે ચારેક છોકરાં, નીચી સરખી નાર; દાતણ કરતો દીઠો અમે, બેઠો તો જાતે બહાર, નામ લીધું મેં તાહરૂ, મારવા માંડયો મુજ;વેગે આવ્યો વહાણમાં તરત મળયોહું તુજ.ચોપાઇ—કહે ભાનુ બ્રાહ્મણને તું.પરઠયા પૈસાનહિ આપુ હું;કોને ઘેર અથડાયા આજ. કરીઆવ્ય બ્રાહ્મણ. ભઇ કાજ, વપ્ર કહે આપે જાણશો;આપે અંતરમાં આણશો, વેપારી જે વહાણજ તણા,કરયા ડેરા ગાંહરે ઘણા,બેચારેક વાણોતર સાથ, દવાત ચોપડીઓ હાથ; ભાનુચંદશા આવ્યા ઘેર, શી થઇ પરાક્રમ પેર, આપેઆપ જેવા ઘરમાંહ,ભા-નુચંદ એક દિઠો ત્યાંહ; લેઇ લઠો ઘરનો ઉઠીયો;વહાણવાળે નાશી છુટીયો. અચરત ચાલ્યું બાધે ગામ. મળ્યા લોક જોવા તે ઠામ, કરે ગામ; હીમાયત ઘણી. વહાણવટી કહે આ છે ધણી.

દોહરા—ઘેર રહયો જે ઘરધણી, તે કહે મારિ નાર; ગળે વહાણવાળો પડે તેનો શો વહેવાર. વહાણવટ કહે હું ગયો, માગી શીખ ઘેર આંક, ઘરવાળોજ ગળે પડે, વેર વીધાતા વાંક. ગયા રાવળે રાઢથી. બેઠાભોજ પ્રધાન. મહાજન આખા ગામનુ મહીપત દીધાં માન. સાથે નાત સમસ્ત છે, કેવી પુરે શાખ;મળેપડુ આવ્યોગામથી ભુપત આગળ ભાખ, નારને પુછયું નેહથી, પડદો મનનો ખોલ;કિયો તમારો ઘરધ ણી. નિશ્ચે સાચું બોલ; નારી કહે નર માહરો; ઓળખુ આપેઆપ વળગ્યાંછોકરાં તેહને, એહ પીતા એતો બાપ, નારી કહે નર માહરે, ઘડી ગયો મહાજન કહે સહુ મેળ. ફરીયાદ ફરીયાદ સહુ. ભુપત આગળ ભેળ, વહાણવટી કહે રાય સુણ, વરસ થયા છે બાર, સંગ આવ્યો છે અમ તણે; ઘેર મેલી ઘરનાર, એને ઘેર નારી થકી, લેઇ ગયો છે વહાણ; ગરવ કમાઇ ઘર ભણિ, હંકારયો તે વહાણ. આશા પુરેછે એક ની. એ મોટો અન્યાય; એ વાણોતર માહરો, એ એની કન્યાય. રાય કહે પ્રધાનને

શી ગત એની પેર; એકને તો દો સુળીએ, એક રાખે ઘેર, પ્રધાન કહે સુણ પુર પતી, ઘરવાળો મુજ નાત,બાર વરસ થયા નીતે, પ્રણામ કરે પ્રભાત. પરદેશ પલક ગયો નહી નિશ્ચે માનો રાય; અધીક પ્રકારે ઓળખ્યું, સગો અમારો થાય,એણે ફંદ ખોટો રચ્યો કરયું કાંઇક પ્રાક્રમ પેર, ચોટક ચિતવી ગળે પડે, આવ્યો છે એ ઘેર. રાજા કહે દો સુળીયે,લુટી લો ઘરમાલ, ફરિ કોઇ ગળે પડે નહિ; કરો તેહ હવાલ, માલ કબજ સરવે કરયો, રિધ રાખી ઘેર રાજ;મારા સામે મોકલ્યો,સુળી દેવાકાજ. ગરદન મારે ગાંદરે, જેપર રાજા કોપ,ત્યાં એક ટીંબે બેસતા, ઘણા મળીને ગોપ.એક તેમાં અધીપતિ થયો, બીજા શેવક લોગ; પાંચ સહસ્ર પુરા મળે, કળી ન શકે કોય; કૌતક કાને સાંભળ્યું પછી લીધો પાર, રાખ્યો મારતો વાણિયો ટીંબા ઠાર, હસહિસ ધાયા હરખતા, બીજે ઝાલ્યે બાંહ. આગળ આણી ઉભો કરયો ગોપરાય છે જ્યાંહ,એક આકાર એક ચેષ્ટા, એક ચેન એક રૂપ; એકસાદ એક શાણપણ ભરમમા પડીયો ભુપ, પછી જોયું પટંતરે, એક વચન એક વાણ, ગુણ જોયા ગોવાળીયે,એક તો ખોટી ખાણ, એક એ માંહે માંનવી,એક એહમાં ભુત, એક તો એને ઘરધણી. એક ધુતારો ધુત, ખલક જોવાને ઉલટી નરનારી જુગ જોડ;ઘણો ડાહ્યો ગોવાળીયો. કહિને મો ચમકોડ, હુસ્સાખી દુનીયાં સહુ, તેડાવે એકાંત; સોંપી સાતા તેહને, જે ભાંખે મારી ભ્રાંત, કહ્યું મારૂ માને નહિ, વાણી ન વળે વરત;સહજ મારગ દેઉ સુળીયે,તન તેડાવ્યુ તરત. કાઢ્યો કોરિ કરવડો. મુખ આગળ મેલ્યો એહ; ઉપર પેસે અંદર નીસરે. કન્યા પરણશે તેહ. બળ રાખેએ બુદ્ધથી, પામે જે કો પાર; બીજો બેસે સુળીયે, તેનું ઘરને નાર. બેસાડ સુળીએ આ ઘડી; વિપરીત હોય કેમ વાત; ઉપર બેસે આવ નીસરે,એનો મહા ઉત્પાત, ભુત કહે ભલું કરયું, તે મેં લીધુ શીશ તેંતો કહેછ એક ઘરા.કહ્યુ વાર હસવિસ, આળસ મરડી ઉઠીયો,પેસો કરવેડેજેમ; આવી ચોટલો ઝાલીયો, તે વેળા તે તેમ.પાંચ પટકયા કોરડા, ભાગે કહ્યુ ભુત; છેતારીને છળ પ્રાડવ;થઇ આવ્યો છુ રૂપ,આવ અંતકર તું તજે,કહિ સમાવ્યો શોક; નરનારી સહુ આમના, લક્ષણ લહ્યું સૌ લોક. ખાંતિ મુખમાં ખાસડુ, ફેરવ્યો બાધે ગામ; રાય પ્રધાન રીઝયા સહુ, કઉતક ઠામે ઠામ.

ચોપાઇ–કહે ગોપાળ સુણો સહુ લોક, તેને આળ ચઢાવો ફોક; જશ અપજશ કાયાને અડયું,નથી કલંક અમારે ચડયું, જડ કાયામાં ચઇતન જીવ, વાયુરૂપ દેખે સહુ દેવ;ભુતપણ વાયુરૂપે થયો;ભાનુંચ ભાવે થઇ રહ્યો. એમાં પુન્ય નહી કોઇ પાપ,તેવી વેદ પુરાણે છાપ,એમ ઇશ્વરે આપ્યું ધન. તેમ એ ભાનુ પામ્યો તન. સજ્જનો તમને સાચુ થયું સુકર્યું ભુત નાહુ તે ગયું; બુધવત કરયો તે ગોપ, ન કરયો રાયે તે વાતે કોપ.રાય પ્રધાને વિચારયું ઘણું, ડહાપણ બહું છે ટીંબા તણું;બોહાવિ સુભી રાજન, નિકળ્યું એક અધીપતી આસન. ચાર ગજ સોસાડ સુતળી, બત્રીસ

લક્ષણુ બત્રીસ પુતળી; જડરૂપ પણુ ચેતન જાણુ, પ્રાક્રમ જેના પંથ પ્રમાણુ. એવું સિંહાસન શુભસાર, લાવ્યો ભોજ ન લાગી વાર; સભા મધે તે સ્થાપન કરયું, દેખતાં માહે ઢઇડુ ઠરયું. સમુહુર્ત લીધું રાજન. કરયું બેસવા મહિપત મન; પુંજીને પ્રદક્ષણા કીધ, આજ્ઞા ઇષ્ટ ગુરૂની લીધ, તે આશન બેસે જાહરે. બોલી અમનાશના તાહરે; રખે રાયજી પાગજ ધરો, સ્પર્શ સિંહાસન નવ કરો. કોટીવાર કહું છું કથી, સુખ આશન બેઠેથી નથી; પુન્ય પરમારથથી થાય, બેસે આસન વિક્રમરાય; બીજે બેસે ડાહ્યો થઇ આપ. વાધે રોગને થાય ઉત્પાત; ભોજ ભુપે જોડયા બે હાથ. બોલ્યો અઘનાશને સાથ. તેણે કેવા પ્રાક્રમ કરયાં, સંકટ લોકોનાં કેમ હરયાં; તે મહીમા સંભળાવો મુને, પ્રણમી પાગ નામું હું તુને.

દોહરા—અઘનાસા એમ ઉચરી, ભુપતિ સાંભળ આજ; કરયા કામ જે કોટીધા; કહુ સંક્ષેપે આજ. ઉજેણિ અતી નીરમળું, તીરથ ભુમી તરંગ; મહાકાળ જોતીલંગ મહા જતી. શુભ શોભા સઘળી સંગ શુભ ક્ષીપ્રા ગંગાસમીપ, :પવિત્ર જળ પાવન; રાજ કરે વિક્રમ વડો, :મહાસત્યવાદી મન. વશિષ્ટ સરખા વિર સહુ, વેદ વચન વિસ્તાર, અગ્નિ હોય અવશાત અતી, સોભા અપરંપાર વણીક સઘળા સરવડા વેતાળ સરખા ભાટ; શોભા ઇંદ્રના સરખી નહિ કોને ઉચાટ, અરજુન સરખા સંગ્રામ કામેસુર, રાજા રામ સરીખડો નારાયણું નુર, નારી ત્યાં નીરમળ સહુ પતીવ્રતા મન ધરમ, સુચ સપત સુખી સહુ; આચરે નહિ અધરમ. પ્રિત થકી કહયું પુતળી, કહુ તેના કુળકામ, નવખંડને દશ દિશા, પરદુખભંજન નામ. મુકિતક્ષેત્ર મહિમા ઘણો; કાશીપુર ગુણુ ગામ; સાક્ષાતકામ તે મુકિતપુર આપે ઇશ્વરનો ઠામ, મણી રાજા મોટા ભુપત, સકળ કળા ગુણુ જાણુ, કાશી માહે તે તો રહે, દેશ મધે નહી હાણુ, મહારૂદ્ર ત્યાં સ્વરગવાસી વઇકુંઠના; તેને એમ ઇચ્છા આશ, એકવાર અત્યુ લોકમાં, કરીએ કાસીવાસ. એવુ જાણુીને રહ્યા, તપ કારણુ છે દિન; આધ નીરંજન અધીપતી અઘ નિવારણુ ઇશ, વારૂ દીવસ વહી ગયા, પારવતી મન પ્રિત; નાવ્યા શીવ કઇલાસમાં, એતે. કયાંની રીત. રંભા રૂપ ધરયું સ્વયં, અતુલ્ય તેજ અપાર; નહાવા કારણુ નીસરયાં, સકળ શ્રષ્ટનું સાર. મરદન કીધુ માનવી પહેરયાં વસ્ત્ર વિવેક, ગુણુવંતી મા ત્યાં ગયાં, આધ પુરૂષ ત્યાં એક. જંત્ર વાહયો જુગતે કરી, તેજ વણે તે તાન; ભોળોનાથ ભુપત ભલો મુકયું મનથી માન, કપુર ગઉરગામી થયા નરચદ્રવ્ય ત્યાં હોય; મહામાયાની જાળમાં કળી ન શકે કોય. શીવ સંકોચ પામ્યો ઘણું, માનની દેખી મન; જળ ઠામે નહાતા હતા. ત્યાં મેહયો તે તન, રામા રૂપ પ્રગટાવીયું, ઓળખી ઊમીઆ આપ; ભોળાનાથ રીઝયા ઘણું, તરત શમાવ્યો તાપ. વિમાન બેઠા વીશ્વપતી, પ્રીતે પારવતી પાસ; આકાશ મારગે ઊતરમાં ગયા ગીરી કઇલાસ.

ચોપાઇ–મુકયું વીરજ નળામાં મન, તેજવંત થયો એક તન; અવતરયો બીજો કે ઈંદ્ર શાહસ્ર ઘણો કે જાણે ચંદ્ર; જાણે સાચો ઉગ્યો સુર, પુરણતેજ તણો તે પુર; પાવે પોંચ્યા રીઝે રમે, ગુણવંતા નાભામાં ભમે. શીવદત એક બ્રાહ્મણ છે સુખી, નાત ચોરાશી માંહિ મુખી; નીત્યે નેહથી ગંગા નહાય. વિશ્વનાથની પુજા થાય. સઘળી સમૃદ્ધિ તેને ઘેર. પુરણ શાસ્ત્ર સહુ પરઠે પેર; ઘણુ લક્ષ્મી શોભે ઘરસુત્ર, પેટ નહી એક તેને પુત્ર મોટી માથે હુતિ ખોડ, શીવ આગળ કહેતો કરજોડ; વિશ્વનાથને આવ્યું મન, તે વિશે દીઠા ત્યાં તન, ધન ધન તું મોટા મારાજ, તુજ વીણ કોણ કરે આ કાજ; વસ્યું તે માહરૂ ઘરસુત્ર પેટ કહી એક તેને પુત્ર, લલા નારી મનોહર મતિ, સિદ્ધ શીરોમણ તે પણ સતી, તેને જઇને સોંપ્યો તન, માનનીનું રીઝ્યુ છે મન, મારા ભાગ્ય તણો નહી પાર, કરૂણાનિધીયે દીધો કુમાર; ઓછવ કીધો સુત કારણે, તરિઆ તોરણ બાંધ્યા બારણે, હેત હરખ ભામની, ભાવિયું દુધ તો નારીને આવીયું; વાધે જોબન તરૂણિ તણુ, વધે પુત્ર એમ દિન દિનઘણું વરસ પાંચ થયા જ્યાહરે, મુકયો નિશાળે ત્યાહરે, હરખે દેખી બાધુ ગામ, માધવાનળ પાડયું સુભ નામ. આંક હિસાબ નામાં ગુણ લેખ. વિદ્યા ભાણયો વિવિધ વિવેક. વરષ એકાદશ જ્યાહરે હોય, કળા બહોતેરી ત્યારે જોય. દોહરા–માધવમાં મહીમા ઘણો લાડકવાયા લોલ; વપુ વિશે વળગી રહી, કળા સંપુરણ સોળ.

ચોપાઇ–માધવ વેલા ઝાલે હાથ, સકળ ગુણ શોભાવે સાથ; ધરે પાગ માધવજી કામ, ગુણ સાગરકેરો ગુણ ગામ. દોહરો–એક સાથે ઈંદ્રઘેર; અપ્સરા અપરમપાર. નરત્ય કરે નારી મળી, શોભા સકળસાર; સકળ સંચ શોભા બની, બની ભામનિ બહુ ભાર. ચુકી ગઇ તે ચિંતનિ, સુખ ન પામી લગાર. એવે અચરત નિપન્યું, આવી મળીયું પાપ; પાષણ થઇને તે પડયો, માધવ દીધો શ્રાપ. કરજોડી ઉભી રહી, વડો પડયો મુજ વાંક, ક્ષમા શ્રાપ મારો કરો, હું તો રાવળી રાંક. મધવા કહે મહીપત પડે, પાષાણ થઇને પ્રીત; વિપ્રજ વરશે તુજને રમતાં રમતાં રીત. સ્વરગ સુખે સધારજો, શાહેજે આવે શરણ, પાષાણ પુતળી થઈ પડી. કામની વાત તું સુણ ભર ચોકજ ચઉટા વિશે, પડી પુતળી પાસ, દેખેલોક સઉ દેશના વિશે વશે જ્યાં વાસ; રમતા સઉ નીશાળીયા હેતે માધવ હાથ; તુજ સરીખી આ પુતળી, રાજ પરણાવો સાથ. માધવ સાથે પુતળી પરણાવિ બહુપેર; મારગમા મુકી ગયા, ઘણાહેતથા ઘેર.

ચોપાઇ–પડે રાત જુગતે જ્યાહરે, સેજે પધારે તે ત્યાહરે; ઘડી ચાર આનંદજ થાય, આપે ઈંદ્ર લોકમાં જાય, કરે નરત્ય ત્યાં નહિ નેહ, દહાડે પાષણ પુતળી દેહ; માધવ કહે છે સાંભળ નાર; નીત્યે રાતે જાએ કોણ ઠાર, બ્રહ્મહત્યાદિક તુજને પાપ સાચુ વચન કેહે નહી આપ; ત્યારે તે બોલી કામની, જાઉ જરૂર નિત્યે જામની. સભા ઈંદ્રતણિ છે જ્યાંય, કરૂ નાચ મનથી તે માંહ્ય; વિગત વાત પોતાની હતી, સ્વામી

દોહરો—એ ઘોડો જો છુટસે જવ ચઢશે ચોટ,તો સતઆપુ સેહેજમાં તારેશાની ખોટ; કરી હોડ હાથે થકી. લખ્યા ખેત્ર એક વાત; આવ્યો ઘોડો ત્યાં રહયા, થઇ ત્યાં રાત. બહેકયો પાછલી બે ઘડી, છુટયો દાવો દોર, પેઠો જવના ખેત્રમાં, અધથઇ અંકોર, ખેતર ધણી તે નાંખ્યું; ભલી ભેલાડી ભેલ;સાહયો નવ રહે સોવરા, ખરી વાતનો ખેલ,સો પરઠયા છે સામટા;ના આપે નાની જાય; અરજ કરૂ છુ અધીપતી વેગે વારે ધાય. જુઠાને દે શુળીએ, શાચાને શત આપ;ન્યાય ચુકાવો નરપતી, બેમાં એનજ સ્થાપ. પછે પુરૂષને પુછીયું કહે તું તારિ ગત;સાચુ કે જુઠું કહયું, માનની એતો મન કામનીએ કહયું જેટલું સરવે સાચું હોય; જવ માત્ર જુઠું નથી;ખોડમાં દેશો કાઇ મેં બાંધ્યો ઘોડા મોં કને ઘણે પ્રકારે ગાંઠ; તે છોડયા વીણુ છુટે નહી પાકી બાંધી ગાંઠ; આખી રાત આકંદમાં, રગે પીતી રાત; ન ચીંત પણે નીદ્રા કરી,પ્રોઢ હવો પ્રભાત કોડે ઉઠી કામની. જોયો નીદ્રા લાગ, હાથ છોડી હેતથી, ઘોડા તણી તો બાગ, છોડયો ઝાલ્યો કેમ રહે, ખેડયો ખેતર માંહ; ભેલ પાણી ભારે પણે, તોલ કરયુ નહી તાંહ, જવચરયા જોતે જોખમાં. પેટ ભરીને પુર; નીમેખ નુન્ય રાખી નહી, સાથે થઇને સુર. છોડયો એણીયે છતરી, અની ચરીયો એ આંક, પડેગળે એ પ્રેમદા, બેમાકોનો વાંક જુગતિએ છોડયો તવ ચરયો;સાચી થાય સર્વ જુઠી એ જુઠી કરે સામી માગે દ્રવ્યે પાસે કજીઓ પહેલો હતો, વઢ્યાં હતાં નર નાર, લાંઠ કહી લક્ષ્મુધીએ સામા નહી તું સાર. વાંક કહાડયો વનીતા તણો, કરોડ બુધીએ

કરોડ જુગબાધે જુઠી કરી,જુવતી કેરી જોડ,રાજા કહે રહો સાંસતા; એ તાંહાં જુવો આંક; સાચી એ બે સુંદરી,વેદ પુરૂષનો વાંક,સો આપે તો શાખપણુ, જવાદેજો ઘેર પુરૂષ સાચા કેમ થયા; જેઉ એ બેઉની પેર; લક્ષણુધીને કરોડ બુધી, બે તેડયાં એકાંત વાત વિસ્તારી કહે મુને, ભાગો મનની બ્રાંત.

ચોપાઇ–સુંદર એક સરોવર તીર, નારીયો ભરતીતી નીર; રૂડાં છેરઢીયાળા રૂપ અકલવંત ઘણિ અનુપ, આકારે જાણે અપ્છરા, મદમાતિ પોતે મછરા, ભરી નીર જાએ જેટલે,આ બે પુરૂષ આવ્યા તેટલે;એ બે પણુ છે ચતુર સુજાણુ, ખરી પરીક્ષા કેરી ખાણુ,જુવતીને દિઠી જ્યાહરે, પુરૂષ એક બોલ્યો ત્યાહયે કરી માંહો માંહે વાત આ રામા જે રાખે રાત; ચાર પહોરની છત્રીસ ઘડી, રહુ નામની સાથે અહી. એક એક ઘડીએ જુવંતી જેગ, કરૂ વાર બત્રીસ ભોગ; એક વાર જે ચુકી જાઉં, એ કહે ઓશીંગલ થાઉં. ત્યાર પછી બીજો બોલીઓ પહડો આપ તણો બોલીઓ સાંભળને તું મારિ વાત, એ જુવંતિ જે રાખે રાત કોટી ઉપાય કામની કરે, મારૂ મન એથી નવ ડરે; સ્ત્રી ચારત્ર કરે શણુગાર, ન ડગુ એથી લગાર. ચુકું નહિ એ સાથે રેખ તે વાતે લખી આપુ લેખ; ચાર પોહોરમાં ચુકું અમો. તો માહોનું માગ્યું લેજો તમો.એવી વાત બે પુરૂષે કરી સારી પેરે સુણ્યું સુંદરિ, સનમુખ આવી ઉભી રહિ, વાત એત્રી પુરૂષને કહી. અલ્યા જુડા બોલોછો બોલ. વધારોછો પોતાનું તોલ. તમે કરીએ વાતો ગળી, તે સારી પેરે સાંભળી, હુંસ હોય તો આવો ઘેર. હારજીત ની પરહો પેર, સો સો રૂપીયા સાટુ કરો વચન બોલ કર ઉપર ધરો વીશ પોહોર તણો વાયદો, કરી ગયા રાખી કાયદો,બોલજ તે શું બોલ્યા ત્યાંહ પ્રાકરણુ તો નહિ પોતા માંહ ટુટ મુટ ખાડલીએ પડયા, ઉચાટ ઘણેરા મનમાં અડયા, બત્રીસ લક્ષણી બન્ને નાર, તે વનીતાએ કર્યો વિચાર શા માટે ઝુરોછો આપ,જુઠું બોલો તો બ્રહ્મહત્યા પાપ,કામની આગળ માંડી કહ્યું,વાતજ કરતાં વિપ્રીત થયું નથી જતાતો વચનજ જશે, જઇએ છે તો દંડજ થશે, બોલ્યો છું તે તો નહી પળે,કામની માગે તે કેમ મળે; પ્રથમ પ્રેમદા બોલી એક, સાંભળ સ્વામી વાત વીવેક; આપુ અઉષધ બહરદિ બુધ, બત્રીસ શેર ઉકાળો દુધ, બત્રીસ કલાક નાંખો તે માંહે ચાકર જાલી રહેશે ત્યાંહ, બત્રીસ રૂપિયા બેશશે, પુરષારથ ઘટમાં પેસશે,જ્યારે થાએ પુરી ઘડી. શેર દુધની પીજો પડી, બહાર જઇને પીજો દુધ, તેહ બતાવી નારી બધુ જોરાવર પણે જોગવે; ભાવેથી ભામની ભોગવે.આ પુરૂષ તો તાજો થયો. બીજી કામનીયે બોલજ કહયો. અરે નાથ શું પોઢી રહો, દુઃખ હોય તે મુજને કહો; કંથ કહે સાંભળ ભામની, ભુંડી વાતે ભામની, તે સાથે પાડી મે હોડ, તે કેમ પોચે મારા કોડ. નપુશકને આવે નુર, કાયરને ચઢે છે સુર, એવી જુવતી પાસે જાઉં; જીતું તેવો કયાંથી થાઉં. હાવ ભાવ કરે જેટલે, પ્રેમદાં નરમ પાડે તેટલે. નથી જતો તો જાએ બોલ, જઇએ

છે તો ખોઇએ તોલ.

દોહરા—કામની કહે કહ્યું તે કરો; દશ દોરી નવ નાડ,બાંધો તેહને બળકરીઅઢ કી માને આડ. વરેહ જાગ્યા દ્યોો, બાંધો ને તેના ઠામ: જ્યાર સુધી છુટે નહી, દેહના આપે કામ.સુખે જઇને ત્યાંહ રહો, પ્રેમદા પાસે પ્રીત; કહે કામની સુખે કરો વાખ ચરીત્રે રીત. એવું કહેતાં હરખીયા વડબુદ્ધિ બે વીર, ઉપાય કરીને આવીઆ, નીરમળ સરોવર તીર. દીવસ એક ઘડી રહયો;કામની આવી કોય; નીરખી હરખી નારીયો, દીઠી જુવંતી જોડ. સાન કરી શામા ગઇ, પુઠે પુરૂષ પળાય; ઉતાવળા એ-કાંત બે, તારૂણી તત્પર થાય. બે જણુ જુદે માળીયે, એક નર એક નાર, પરઠયો તેને પ્રેમસું, કરયા વીવેક વિચાર. અકેક ઘડાંએ કરે દુધનો યોગ;એકત્રીસ એમ કોડે કરયા ભામની સાથે ભોગ. ચેતી મનમાં ચીતની, એતો વીપ્રીત વાત; નારી જોવા નીસરી, રહી એક મહુરત રાત. બાળક ઉભો બારણે, તેના હાથમાં દુધ, કાઢી લીધું કર થકી, પીવું પ્રેમદા બુદ્ધ. સુતી જઇને સેજમાં. નર આવ્યો નીજ ઠામ, ચાકરકર દીઠો નહીં, કોડ વણુસાડ્યું કામ. વીતી રાત વહાનું થયું વનીતા કહે વીવેક, સત આપોજી સામટા, ઓછો ઉતરયો એક; પુરૂષ કહેરે પ્રેમદા, તે લીધો મારો માલ સો આપ તું સુંદરી, ત્યારે મેલું પ્યાર, વઢી પડયા એ બે જણાં, રચીયો એ પરપંચ; ન્યાય ચુકાવા આવીયાં પરઠી એ પરપંચ, વાત ઉચરી કેમ કરે, નરમાં નારી નેટ; લેહેણા દેવાને મશે, ઠગ કરી આવ્યો ઠેઠ. એ મત તો થઇ એહની, બીજાની કહું વાત, પોહોંચ્યો કંઠ પ્રીતે કરી; પડી જેવારે રાત; હાવ ભાવ પરપંચ બહુ, કામની કીધા કરોડ;ઠગે નહી દીલ તેહનું, માનની મેલ્યો મેહ. આલિંગન અદકાં કરે, ચું-બન તો ચોસાત, પલક પુરૂષ ઠગે નહીં સ્ત્રી ચરીત્ર સેહેસાત, બે ઘટીકા બાકી રહી, ચતુરા ચેતી ચીન; નીંદ્રાવશ તે નર થયો, ખરે દીલથી ખચીત. તારૂણીએ જોયાં તે તેના, કરી ઉઘાડાં અંગ; બધી નાડીયો બંધ કરી રામા લાગ્યા રંગ. છોડી નાંખી ભળ કરી, જાગ્યો જન તે ઠામ; શરીર સઘળે વ્યાપી રહયો, કામની સંગે કામ.ભો ગવી ભાવે ભામની, સારી પેર સુજાણ; વહાણું વાયુ તેટલે, વનીતા બોલી વાણ. પુરૂષ આળ પરઠ્યું મુને, જે બોલ્યા છે બોલ; ચતુર થઇ તું ચુકીયો. ખોયું તાહરૂં તોલ.નર કહે નારી સાંભળો; મન વિચારી જોય; તારે મોઢે તું કહે કબુલ કરે નહી કોય તે છેતરીને છોડીયો, મેં રાખ્યું તારૂં નામ કબુલ કરો તે કામની, તારી મળે કામ માગુ સત તારી કને, જુવતી બોલે જુઠ; ન્યાય કરવા નૃપ કને, આ વેળા તું ઉઠ.કંક ઉઘાડું કયમ કહું; વારૂ કરી વીચાર; ખાતે જન ખેતર કહયું; પુરૂષ વતો ચાર છોડી મેલ્યો છેતરી, તેહ જોખમાં જાય; રીઝે રૂડુ દેખતાં, ખપ હોય તો ખાય; નાડ ના છોડત એહની.તો નવ ચુકત દેહ;સાચો પુરૂષ સુલક્ષણો, જુઠી જુવતી એહ. પહેલી નારી પરોઢીએ, ઉઠીને નવ જાય; તો બત્રીસે પુરાં કરે. કળી શકે નહીં કાય.

જુઠી એ બે સુંદરી, સાચા નર બે નેટ; વનીતા વાદ કરે ઘણા, તે તો ડહાપણુ વેઠ. વીકરમ કહે કેમ માનીએ,એહ નામ નહી વાત; પુછયું સરવ પટંતરે. ખરી માનવી અખ્યાત ન્યાય ચુકાવ્યો નરનારનો, મુળ મનાવ્યું મન;સતસત આપ્યા ઘેરથી,ધરણી પતને ધન ભાર રાખ્યો તે ભુપતી, અકલ કરી એકાંત;બુદ્ધી વધારી બેયની, ભાગી મનની ભરાંત.વનીતાને વોળાવીયાં, જુઠા બોલી જાર;ચાકર ઉપર ચીત કરયું, ન્યાય ચુકાવી ચાર, વીક્રમસેને વીચારીયું, દીલ ડાહ્યા એ થાય; મોટા મન કહે મહીપતી, માન ભંગ થઇ જાય.

ચોપાઇ—વીક્રમસેન વીચારી બુધ્ધ,એ ચારેમાં શી છે શુધ્ધ; પ્રથમ કાજીને કુડોક હયો લક્ષણ ઘેટાનો લહયો.પછી વાત અજરણની કરી, મારી નિદ્રા મનમાં ધરી;ડાહયા થઈ નગરમાં ફરે; કરૂ ઉપાય એ ચારે મરે. ચાર ખત રાજાએ લખ્યા, છાની વાત કોઈ નવ ભખ્યાં;જાણે એક પોતાનું મન.બીડયા કાગળ કરી જતન,તે ઉપર પોતાની મોહોર, ચારે મોકલ્યા ચારે કોર; ચરાચર જોજન ચારે દેશ, કરો ઉતાવળા પુર પ્રવેશ ઉતાવળા અહીંયાં આવજો; પ્રતી ઉત્તર પાછો લાવજો, ચાર પત્ર લેઇ તે ગયા; કહયાં નામ તે ઠામે રહયા.પ્રથમ સત બુધ્ધિ છે નામ, આપ્યો કાગળ તેણેઠામ તેણે વાંચી જોયું પત્ર, સતબુધ્ધિ સાથે બોલ્યા તરત; કો ભાઇ કાગળ લાવ્યા તમો, તે વડા કરીએ છીએ અમો. કાન નાક છેદન કર, નીર વાહન ગામે ફેરવું; દીસંતી દેવ સરખા આપ, શો ન્યાય કરો છે પાપ; શું વણસાડયુ છે રાજા તણું, દુઃખ સહેવા મોકલીયા ઘણું.સતબુધ્ધિ કહે કહીએ અમો કદાચ વળતુ ન કરો તમો;કામ ખરાબ અનારૂં થાય.કરે રીસ અમને રાય;માટે જે લખ્યું તે કરો, ઘડી એક ખોટી નવ કરો. હશી બોલ એવો મન અડયો, ત્યારે ભાર અહંકેરો પડયો. મહારાજ સમ છે તુજને આજ.જો ન કહુ તારૂ મન કાજ; કાગળમાં લખ્યું છે એમ, તમો હશીને બોલ્યા કેમ દોહરો—સતબુધ્ધિએ સાચું કહ્યું, એક ઓસડ મારે વરત; કાનનાક સાજા થશે, ઘડી ચારમાં તરત. ખરવાહન કરી ફેરવો, ગામ તાહરે જાગ; અણુચાંતવી ઉડશે,તારા ગામમાં આગ એ કરવે સમરથ નથી, વીક્રમ પોતે વાસ; જોવા તમાસો માહરો પરઠવો છે પરવાસ,અજર કેરો જડી એકની, તો તો મારા સમ; મોટો મહીપતી જે લખે તે ના પાળે કેમ.

ચોપાઇ—તેણે મન વીચારી પેર, એને મોકલ્યો મારે ઘેર; એ તો કાંઇક કઉતક વાત;હું તો નવ કરૂ મારી જાત સાજી દેહ તમે તો રાખો,પ્રતી ઉતર પોતાનો લાખો સાબાશ રાજા સમા છો ઘણું, ગામ બળાવતાતા અમ તણું; અમારૂં લખ્યું નહિ મરે, પરદુઃખભંજન તમને નહિ ઘટે, ઘણો ઠપકો દેઇને સાથ.કાગળસોંપ્યો સતબુદ્ધિ હાથ. સહસ્ત્રબુદ્ધિ ગયો છે જ્યાંહ તેણે આપ્યો તે કાગળ ત્યાંહ. કાગળ વાંચી બોલ્યો તેહ, તે ઉપર આણીને નેહ; ભાઇ તારો શો પડાંઓ વાંક, અહીંયાં મોક-

કહ્યો આડે આક; લખ્યું લેખ માંહે પાળજો. ખેર અંગ માંહે બાળજો, બાળવા તાકી અગની કાય, તેની કરવી શી ચીંતાય; એક વાતનું આવી અડયું,તમારે અહીંયાં મરવુ પડયું. દોહરો—અજર ન કરો એ વાતમાં, ઘડી એકની ઘેર,હર હર કરીને હોમ કર, જે પરઠી છે પેર. લખ્યું ના પાળે રાયનું, લુટે તારૂ ગામ; અજર કરે એક ઘડી, તે નહી તારૂ કામ,

ચોપાઇ—સહસ્રબુદ્ધિ સાચીકહે વાણ,ના કહેતો ઇશ્વરની આણ; બોલ હશીને એવો કહયો, અચરત પામી તે તો રહયો. મારે મન તો ભરાંતજ વસે,ઇહાં મોકલ્યા કઉતક હશે;સહસ્રબુદ્ધિ કહે કહુ જો તુને,તો નાખો નહી અગની મુને;અપવાદ આવે મારે શીશ, કરે રાય અમ સાથે રીસ; ત્યારે પેલો લાવ્યો પાસ, તેડી ગયો એકાંતે જાગ મારા સમ જો સાચુ કહો,ત્યાં ન જાઓ તો અહીયાં રહો;સહસ્રબુદ્ધિ કહે સાંભળ વાત તારે ગામ થશે ઉત્પાત, મેં ઉપાસન અગનીનું કરયું વશ કીધો અગની મન કરયું વશ કરિ બાંધી દીધો તેહ, બાળે નહી તે મારો દેહ, તે પરિક્ષા રાજાએ જે રાખ્યા ચાકર મનડું મોહી;કાંઇ તમ સાથે દીલમાં વેર, મોકલ્યો મુને તમારેઘેર; નાંખો અહી અંગારા કાપ, થશે ધુમાડો બાધે ગામ; નાકે વાસના આવે મોડ,સઉનો દેહ થશે રોગ.કોટીરાય થસે તુજ નામ, હુ જઇશ ઉજેણી ગામ; બાળે રાજા મુજને ત્યાંહ વારેકાણુ ઉજેણિમાંહ,શીઘ્ર કરોલખ્યું પાળીએ, મારી દેહ અગની બાળીએ; હવે કરો હમારી પેર;પછે જઉ હું મારે ઘેર. દોહરા—કાપ્યો ધણી તે ગામનો, લખ્યો પર એક હાથ સાબાશ રાય વીક્રમ તુને,સારૂ કૃત્ય એ સાથ નથી વણસાડયુ તાહરૂ, નથી વાચાનો લોપ;પુંડે નિંદા કરીશઅમ ઉપર કોપ,કદાચીત ચુકયાં અમો, મુરખ છે એમ મન, તોયે તમોને ઘટે નહિ, રૂડા છો રાજન.

ચોપાપ—પત્ર લખી આપ્યો તેહને, નવ બોલ્યો તેનિ દેહ,લક્ષબુદ્ધી મોકલ્યો છે જ્યાહ, શું નીપન્યુ તે ગામ ત્યાંહ; આપી પત્ર તે ઉભો રહયો; વાંચી ઉતર તેણે કહયો, ઓરે ભાઇ ભલે આવીઆ;આ કાગળ તે શો લાવીયા; એમાં લખ્યું તે પાળુ અમો; મ્રત્યુ પામશો તરતજ તમો; ગળુ છેદ કે ઘોળજો ઝેર ઘણુ તેજ ઉપર છે વેર, પીજો તે પોતાને હાથ; સોંપશો નહી કોઇ ચાકર હાથ.વારતો ન લગાડવી વળી દેજો ઝેર એને આ ઘડી; માટે જેર ઘોળું જું અમો કરો સાધન ન રહો તમો એવો બોલ રૂદમાં વેસ્યો, લક્ષબુદ્ધી હેતેથી હસ્યો.કરમ અડાટે પોતે હાથ, તે બોલ્યોલક્ષબુધી સાથ:હસુ આવે છે સુખે કહીએ,મોત ભાગો તું શાનો બીએ,હાથ અડાડયો આપે કરમ, મારા સમ તે કહોવે મરમ; લક્ષબુધી કહે નહી કહુ અમો, પીધી જેર ઘોળજો તમો. તારા હાથનો પ્યાલો પીઉ. મોત થકી હુમાને નહી બીહુ, મોત નથી એમાં માહરૂં, રહયુ આયુષ આવિ તાહરૂં. તમો નહોને સાધન કરો. મારા હાથમાં પ્યાલો ધરો; કરો પુન્ય ધરમને કામ. સુપે પુત્ર વહાલાને ગામ, રૂડુ જાણે ચેતાજુ

અમો, પીશુ અમોને મરસો તમો, માડે હાથ અડાડયો કરમ. તે મુજ પાસે કરાવો ધરમ કર ઉતાવળ લાગે વાર, તેમ તેમ પેલાને પડીઓ ભાવ, ખોટી કરે ન બને માહારે, પીઉ જેર હાથે તાહરે.દુખ કેરા શાગરમાં પડયો,લાગી પાગ એકાંતે અડયો અલાવાલા કીધા ઘણા, સંદેહ ભાગ્યા મનડા તણા, તમો પીયોને મરિએ અમો; એ અચરત કહો ભાઇ તમો;બીજાનો પાયો નવ પીઉ, તુને લેખ્યું તે કારણ કીયું ઇશ્વર આણુથી સાચુ કહો અમે તો વાસ અમારે રહો; લક્ષબુધી કહે વીવેક. મુજમાં વીદ્યા મોટી એક. ગુરૂ કામરૂ દેસે આપ;પામ્યો વીદયા દે વીપ્ર તાપ, જે મુજને ઠારે તે ઠરે. જે મુજને મારે તે મરે,કપટ મુજ સાથે નવ અડે વિખ મુજને દે તેને ચડે તે રાજા આગળ ભાખીયો મુજને તો ચાકર રાખીયો કાંઇક તુજશું દીસે વેર. તારે હાથે પીવરાવું ઝેર, મારનારા હોય તો રાજા પાય; કોણ જોરાવર કરશે નાય, માટે તારે હાથે પાઓ. સ્વરગ લોકમાં સેજે જાઓ.ખોટી એમને નવ કીજીએ,લાવ જેર પ્યાલો દીજીયે. નીસચે માનિ તેણે વાત, જોખમ ઉપજે મારી જાત. એહ કામ હું નવ કરૂં, નત્ર ખુટે શા માટે મરૂં. લખ્યો કાગળ આપ્યો હાથ. સંદેશો કહાવ્યો એ સાથ. મોટા રાજા પૃથ્વી પતી; નીરમળ છે તમારી મતી, અમ ઉપર એવડુ કેમ જેર. અમે રાયના છેઇએ ચોર; અપરાધ અમારો અતિશે આંક ક્ષમા કરવો. ઘટે છે વાહ. શા માટે મારો કપટે કરી, કહો તો મુસ્તક આપું ભરી; અમો તો તમારા દાસ, કેમ મોકલો મારી પાસ. રખે કરો હવે એવું કામ; અમો ચાકર તમારે નામ; એમ કહી બોલાવ્યો તેહ, શીરપાવ ઉપર સારો દેહ કરોડબુધ્ધ ગયો જેટલે, સુપ્રીત હાથ કાગળ તેટલે;સભા ભરી તે ગામની, ચીઠી વીક્રમ કેરા નામની વાંચી તેહ ચડાવિ શીશ, સહે સાંભળતાં તેને દીશ;ભાઇ તારૂં મુસ્તક કાપવું રૂધીર ભોમ ધરતીને આપવું; ભલા અક્ષર માંહે ભેદજો, શીર સભા મધે છેદજો;માટે તે કરીયે કામ સંભાર એક વડી તું રામ,રૂડો પુરો દિસે ઘણો, શો એ વાંક એ વડો તુજતણો;આવ્યો કાગળ તુ આપવા. મોકલ્યો છે માથું કાપવા; કર સાધન દેહનું તુ આપ,એમાં નહી અમારે પાપ;કરોડ બુધ્ધી તો કરે કલોલ મરડેમુછ તરતી પે તોલ.નથી નાહાક નથી કહેવું રામ, શીઘ્ર તમારૂ કામ. નહાતા પાળે તારો વહેવાર. પુરણ ભાગ્ય મોટું માહરૂં, પામો સભા મંદીર તાહરૂં એ અવતાર ઓશીંગણ થાઉ;સ્વરગ લોકમાં સેહેજે જાઉ; પરદુખભંજન જાણી માખીયું,તેણે દુખ મારૂં ભાગીયું,પુરી મારા મનની આશ, મને મોકલ્યો તમારી પાસ, અવેર ઘડી એક થાય છે. પલક લાખ પાંચ જાય છે. ઇશ્વર તારૂ રૂડું કરે,જો તું ખડગ મારે શીર ધરે;જીવ જે વેળા મારો જશે, તેને પુન્ય જગતનું થહે, પળ માત્ર નહી લીધે પાપ, કરો ઉતાવળ કારજ આપ; જેમ તેમ કરીને કારજ થાય. સંદેહ સઘળો મનનો જાય.

દોહરો—સભા માંહે સંદેહ પડયો;અચરત મોટું એહ; માગે મોત હેને કરિ,

નીરમળ વરવા નેહ. કહે છે પુન્ય થશે ઘણું ખરકે નહી કાઇ પાપ; પુન્ય હોય તો પોતે કરે; વીક્રમ આપે આપ, એકે વાત ન ઉકલે,તેડો આપ એકાંત ઇશ્વર આણુ સાચુ કહો, ભાગો મનની ભરાંત કોટી ઉપાયે કરઅરે, લોક સહુકો લાખ. સાચું કહે સભા વિષે,સાની માનું શાખ. કરોડ બુધ્ધી કહે કહું,એમાં વણશે કામકહાય તમો મારો નહી, પછી જડે નહી ઠામ.

ચોપાઇ—સમ દીધા તે માટે કહું, નહિતર મનમા રાખી રહું; તે પેહેલા જનમનો દેવ, કરતો નીત સદા શીવાની શેવ. પુજા કરતે ચુકી ગયો, શ્રાપ મારે માથે થયો, માનવ થઇ પૃથ્વીમા પડયો. ઘણા દિવસ રણમા રડવડયો, કોઇક છેદશે તારૂં શીશ; ત્યારે આવતું ચરણે ઇશ; ઘણા દિવસ રણમાં રડવડયો, મનુશ અવતાર થકી છુટશો; સુખશાગર ઘણું લુટશો, તારૂ રૂધીર વઅનીમાં અડે. આ ઝાષી તે ઠામે પડે; બાર વરશ ના વરશે મેહ, દેહવટ જાયે તેનો દેહ. પણ મારયા તેતો નવ મરે કોપ ઈંદ્ર તો ઉપર કરે. એ વરદાન ઈશ્વરે કહયો, શ્રાપ થકી પ્રથ્વીએ થયો જાતી સમજણ મુજને હોય,વાંકવીના નવ મરે કોય;દાણો પાણી ઉજેણુ આ ણીયો દુખભંજન રાજા જાણીયો.અરજ કરી રાજાને અમો.કહે આપુ હું માગો તમો ત્યારે મેં માગ્યું તે દીશ;રાજા છેદ તું મારૂ શીશ.ત્યારે એને અચરત થયું,સમદીધા મેં કારણ કહયું;ત્યારે એને ચિંતા ચડે, અનાવ્રષ્ટિ ઉજેણી પડે. જે માગુ તે નાપે કેમ, જે વાતના ખાધા સમ; માટે મુજને દીધી આશ. મોકલ્યો મારવા તારિ પાસ. શીશ સભા મધ કાપીએ, મુજને એ માગ્યું આપીએ,મારો જીવનો સ્વરગે જશે તેનુ પુન્ય તો મુજને થશે, ખોટી નાકર તું ભાઇ મુને, પ્રણમી પાગ લાગુછું તુને. વાત વરત સરવે બુઝીઆ, થરથર તે રાજા ધુજીઆ; એનુ રૂધિર અવનીએ અડે, અનાવ્રષ્ટી આ દેશે પડે,કરોડ ઉપાય કરોમાં કામ.લખ્યો લેખ ઉજેણી ગામ.સઘળી ભોમ એતો તેમ તણી;બધી પ્રથ્વીનો તું ધણી;અંતર આંખ જુવો છો મુને, મહારાજા ઘટે નહિ તુને. એતો લક્ષણુ નહી સાહરાં ગામ ઉદવસ્ત કરો માહરાં; એતો અચારોરૂડો થયો, કસમખાધા તેતો કહયો. અમો રાય તમારે નામ, રખે કરો તમ તેવાં કામ શરપાવ કરોડ બુધીને દીધ, સુંપ્યો કાગળ વિદાય કીધ, ચાર ભાગથી ચારે આવીયા, પ્રતી ઉતર પાછો લાવિયા. મળ્યા ચઉટે એકઠા ચાર, રાયને કરયા જઈ જુહાર; કુનસ ચારે કરિ ચુકીયા. મુખ આગળ કાગળ મુકીયા; પ્રતી ઉત્તર ચારેના વસ્યા, હેન ધરીને રાજા હસ્યા. ચતુર ચાકર ચારે મહારા,પુર મનોરથ હું તાહરા;મનનુ માગ્યું આપુ અમો, સાચાં નામ તમારાં તમો; તમ ઉપર મુજને નેહ ઘણો,સંદેહ ભાગ મનડા તણો;ચતુર શિરોમણ ચારે ભ્રાત,તે સઉ સાચી કહો વાત, પ્રથમ ગામમાં આવ્યા તમો, તે દાડે દીઠાતા અમો; વાણીક જાત કાળજીનો કહયો, પછે કારણ ઘેરાનો લહયો.જોયો ગજરથ કેરો અંક,વખાણ્યો અમારો વંશ;ચ્યવ્રષ્ટ

વિદ્યાથી મેં લહ્યું,કારણ તમને નોતુ કરયું;મેં જાણ્યાતા જુઠા જન મનાવ્યું આજ મારૂં મન;નથી ચાકરી આવ્યા તમો, અક્કલ થકી દેખીએ અમો.શા આમે આવ્યા તા આપ,જુઠુ બોલે બ્રહ્મહત્યા પાપ;ચાર જણે જોડયા છે હાથ, શાચુ બોલ્યા સ્વામી સાથ; ખરી નીશા રાજાની થઈ.પુરવ વાત માંડીને કહી.આવ્યો છું કહેવા એ કાર; અમ ચારમાં એકજ ચોર.મારવો નહી તે પુછવી વાત ત્રીજે કાનના જાએ ખ્યાત; માહોમાહે નવ જણાય,તસ્કરમાં તે નવ ગણાય. તે બાંધવ હળવો નવ પડે,તેનું તે રતનજો જડે; ત્યારે દુઃખભંજન જાણિયે,મોટાં પરાક્રમ પ્રમાણીએ.વઢી લઇએ તો વાવ વેર. બાંધવમા ઉપજે બહુ ઝેર. તમ આગળ કહે શું થાય, તમથી બીજુ ધન અપાય. રતન આપે તેનું તેહ, મોટો મનમાંએ સંદેહ, માટે તમને કહેતા નથી, સાંખી રહીએ છીએ સરવથી, વણુ પુછે જો પેદા થાય, તો ઉપાય કરોજી રાય,જેમ અમારો રહેજી ભાર, ચારે ભાઇમાં ના પડે ખાર.

દોહરા—રાજા બોલ્યો રિઝમાં સાંભળો ચારે ભરાંત;પુછ્યા વીણુ પેદા થશે,તોજ કરિશું વાત અહીં રહો આનંદમાં, કરો ચાકરિ અરથ; ખાઓ પીઓ ખુશી કરો. દયો ઘણેરા ગરથ.ચોપાઇ—વિસરે પડી તે વાત, એક દિવસ બેઠા છેરાત;એકાદશીનું હતું વરત, જાગરણ બેઠા તરત, ચાર ચતુર અક્કલ આંગ્યમાં પાસે એર રાજા પાંચ-માં ભાઇ વાત નવી કહો મુખે,રાત આપણિ જાએ સુખે એતો ચારે ચરણે નમ્યા,ઘ-ણા બોલ રાજાને ગમ્યા, અમો જાતરા જાણીશું રંક,વાત કરતાં વાચે આક;માટે રા-ય, સમરથ ધણી તેના ઘરમાંય.રાજરીદ્ધ વણિ ઘરસુત્ર ચાર પ્રતાપિક પ્રોઢ પુત્ર તે પિતાને જાણે દેવ,સારિ પેઠે કરે છે શેવ; કો દહાડો કરે નાહ કોપ, વચન પીતાનું ન કરે લોપ;પીતાએ આપવા માંડયું રાજ પુત્ર કહે નહિ આવે કાજ ચરણપ્રત લઇ મુ-સ્તક ધરૂં, રાજ તણું સુખ તો નહી કરૂં. એહ વચન કહ્યું છે આપ. ત્યારે બુદ્ધ વીચારિ બાપ;જાણી ચારમાં ડાહયો કિયો;ઘર સાખે તેવો છે કીયો,સમજીને કરશે જે કામ, તે ડાહયા થઇ રહેશે નામ, સમજી જે કરે વેપાર, સાખ વધે શરવેમાં સાર, ધેલચંદ થઇ ઘર થઇ ઘર ખુએ વનું પારખુ રાજા જુવે;પાસે બેસારયા ચારે ભરાત,કહ્યું પીતાએ વારૂ વાત, જોઊ મુરખ કે ડાહરા, સારા નરતા સુત માહરા; એકને આપ્યો તરવાર, જા તું તારિ માને માર, બીજાને તો હુકમ દીઓ ઝેર તણો આ પ્યાલો પીઓ. ત્રીજાને આપી એક ભામ. જાઓ થએલનાં મહેલો ગ્યામ એક એક ઉપાડી દયો કામ જેને મન હોએ જે હોય, ચીંતાતુર તે ચાર ભરાય, ભારે કામ તેનો કેમ થાય વચન જાય જીવતા તુજ તણું. તેતો પાપ શીર લાગે ઘણું, ઉપાય કરેલો તેનો કરો વીવેક વચન તેને દીલ વશો. પીતા તણુ જો વચનજ જાય,તણુ લોક તો પ્રસે થાય; પીતા વચન પાળીશું આપ, એથી નહી બેસે કાંઇ પાપ. વડે કામ કરશું જે શીઘ, પ્રથમ ઝેરનો પ્યાલો પીશ મારો પ્રાણ જશે એટલે, દેહ પાપ નહિ લેટશે.

બીજો કહે મારો તોસ હેલ,બાળા મુકુ મારી મહેલ;રળી ખાઇશું દુઃખે અંન નાંખી છાદને વશશુ વન,ત્રીજો કહે મારશુ માત, કરૂં પેટ પાળીની ઘાત,ફરશુરામે કરશું તું જેહ,મારે વચનપાળશુ તેહ નાનો કહે હુ લઉ રતન,નાંખુ જળમાંકરી જતન;રતન ચારતે લઉ ગયો. વીચાર આપ મનડામાં થયો,જેર ના પીએ ત્યારે ના મરે,ત્યારેશી શ પીતાજી કરે, મેહેલના બળે તો જાણે તાત, તો પીતાજી કરસે ઘાત માને ન મારે જીવતી રહે, તેને પીતાજી જુઠો કહે, રતન ચાર પાસે રાખીએ, બાપ આગળ જઇને ભાખીએ, કહેશું જઈ નાખ્યા જળ માંહ, કોણ શાખ પુરે તે ત્યાંહ; ત્રણે કામ દીધા તે કરયાં, ચોથે રતન આંઠડીએ ધરયાં, જેરનો પ્યાલો પીધો જેટલે; જોવનવંત થયો તેટલે; કનક સરીખી કાયા થઇ જર રૂપની વ્યાપી ગઇ શુભ થયો તેનો સંયોગ,દેહ વ્યાપે તેને રોગ બીજો મહેલ બાળે જેટલે,કાતક એક થયું તેટલે. બળે મોભ ને ધરતી ઘણિ, ભરી પાટડે લક્ષમી ઘણી; માલ અનંગળ અપરંપાર ઢગલો થઇ રહયો તે ઠાર.તે મેહેલ માંહિ જે કોવશે,યક્ષ દુખ દે કાયા કળે;તે ઠેકાણે લાગી આગ.તેણે ખોળી બીજી જાગ. તુંટી પાટડો હેઠે પડયો,ગરથ અનંગળ જુગતે જડયો ત્રીજો પાસે આવિયો, જે માને પોતે ધાવીયોં, તે માતાને બહુ ભોગ, ઊંદર ઊંરરી કેરા રોગ;પાળી પેટ મારી જેટલે,આંઠ શગ.કાપી તેટલેછુટયો પ્રભા તે પાણી તણો;ગયો રોગ દીઠેથી ઘણો;માતા પોતાની સાજી થઇ વચન પળ્યું ને લજ્યા રહી જેણે રતન રાખ્યાતાં પાસ, તે ગયો વેપારી વાસ; આ અમુલક જુટતે જોડ. એકનું મુલ કેટલાએક કોડ. વેપાર એ માલજ કરો, કયમ હાથ અડાડી હસ્યો;એહ નંગન આવે કામ, એકે મુલે બાર બદામ. કાચ તણા ઓપાવી કરયા, ઠગ વીદ્યા છે કોઈ ભરયા, હઇડા માંહે બળી તે રહયો, કારણ કો આગળ ના કહયો ચોર નીમા કયાં પગસાં જુવે,કાઠીમાં મહો સાલી રૂવે;પીતાએ સરવેજાણીયો જુઠો પુત્ર તથા પ્રાણીયો વીકરમ શેન તો વાતજ કહે, ચારે બેઠા લક્ષણ લહે; શરખાં કામ ચારેન દીયો, એ ચારેમાં રૂડો કીયો. જેને મન જાણે જે આપ, તેને શિર બ્રહ્મહત્યા પાપ; સાચી વાત કહેતાં કાંબિયો, રૂડો ભુંડો કુડે. કીઓ.

દોહરા—સતબુદ્ધી કહે હું કહુ, ડાહ્યા કેરી વચન, સરવથી ડાહ્યા જાણજો; જેણે લીધા રતન, ખોટાં પડયાં, તો શું કરે, શી આવી ત્યાં ખોઠ;પરથમ નાખી પાધરી, ચતુરાનિ હોડ. પ્યાલો પીધો જેણે, મરી જાત વે તરત; આગળથીનો તું જાણીયું; એમા છે અમરત.બીજે બાળ્યું બારણું,ન્હોતો જાણ્યો માલ ભાગ્યે તે સવળું થયુ પરથમ મોટા થાલ. તોળી જુઓ ત્રીજે કહયું,મારી નાખત માત, આવરદાથી ઉગ-રી હત્યા શીર યાત, દોશ નહી તેમાં કશો, હોતી મોટી હાણ; ભાગ્ય થકી સવળું થયું,પણ તાકીતી વાણ.સહસ્ર બુદ્ધિ કહે સાંભળો, એ વાત તો સહેલ; હવ ડાહયો કોણ માહરે, જેણે બાળયા મહેલ પાપ તો કરવું નવ પડયું, જીવ ઉગારયો આપ,

એને ડાહયો હું કહું. જેને શીર નહી પાપ. લક્ષબુદ્ધિ કહે મેં લહયું. જાણું મારી ઘાત; તે ડાહયો મન માહરે, કરી અચાનક ઘાત. નારી વાલી નાવને, બીજાને નહી અન્ય; ભરથ્થાર ભુંડું કરે નહી,એમ વીચારયું મન; દ્રઢ વીસ્વાશ પોતા તણો, નારા ચણપર નેહ; લક્ષવંતા લઘુત્તરાં, મારે ઢીલતો નેહ, કહયુ કરોડ તે બુદ્ધિયે પ્રીછી એ-તો પેર; સહુથી ડાહયો, તે ખરો જેણે પીધું ઝેર, રાજા મન રીઝયો ઘણું, વારૂ સાંભળી વાત; ભોજન કાધાં ભાવતાં,અરૂણ ઉગ્યો પ્રભાત.ચેતયો રાજા ચીતમાં, અંતર માંહે આશ, રતન રહયુ છે એહનું, સતબુદ્ધિની પાસ;માગવું નહી પુછવું નહી, માર નહી આળ.નહી કોને જણાવવું: નવ ચડાવવિ આળ,જણ બીજો જાણે નહી, સોંપણ નહી કો સાથ; એક ઉપાય કરયા વિના હેતે લેવું હાથ. ગુણકા એક છે ઘર તણી, રામા રૂપનુ ધામ, સમજાવ તેને કહ્યું. કરો કહું તે કામ. ઓળખાવ્યો આ ગળ થકો,સતબુદ્ધિ સુજાણ,રતન ક્રયુ છે એકને પ્રીછજો નો પરમાણ; પાછું લેવું પુછયા વિના. આપે આપથી મન; આંખ ચોળી આપે રહે, અવર ન જાણે અન્ય સત સલામ સેજે કરિ, કરૂં કહો તે કાજ;રત્ન છોડાવું છેતરી લાવું નહી હું લાજ.

ચોપાઇ—મારગ ચાર તણે છે જ્યાંહ, નાખીચક બેઠી ઘર માંહ; તે પણ રાજા કેરો મેહેલ. તે આગળ શોભા સઉ સેહેલ,જળહળ જોતા જડયા શુભ મણિ. શોભા ગોખ તણી છે ઘણી;ખાસ મેહેલ આકાશે અડયા, કઉસ્તુભ મણી જે ભાને જડયા; ઈંદ્રપુરી આકારે જાગ્ય,નીરખે મેહેલ ઘણું જે ભાગ્ય. પડદો નાખી બેઠી ત્યાંહ નર નિરખી શકે જ્યાંહ; નિતે ચાર સલામે જાય. શીરજ મેહેલ તળેથી થાય. સતબુદ્ધિ આવ્યો જેટલે,કરયો પડદો ઉંચો તેટલે; જેમ વીજળી આકાશે થાય, કંચન સરખી દીઠી કાય. મોહ પામ્યો આકુળો થયો, લાલચ લાગી તે લક્ષણ લેહયો, તરત ફુરકો કીધા જાણ, મારયું કામનું કોટીક બાણ; પડદો નાંખ્યો પાછો વળી, ટહાઢ ઘણેરી એની ગળી,ખરોપરોનેપાછોજાય, પાણિ અન્ન મોહોડેનખાય; થયો દુબળો ડાહપણ દેહ,નારી સાથ વધુ ઘોતેહ, નિતઉઠી પભાતે જાય,દરશાન એહ વરાંતે થાય, વિત્યા છે દીન સેહેજમાં સાત,વનિતા સાથે કાહાવિ વાત.મારી રાખિ દેછે માન,પ્રીતે તમને આપ્યાં પાન;ભુરકી નાંખી નારી નેહ, પરવશ થયો ડહાપણનો દેહ, ઘણોગરજુદીઠો જ્યાહરે, તે રાતે તેડયો તાહરે;દાશી સાથે તેડયો દેડીએ.મારગથી અડયો મેડીએ,દીઠું રંભાસરખુ રૂપ,અધીક તેજ ને અકલ અનુપ; મોટમ કિધી દીધાં માન; પ્રીત ઘણે-થી આપ્યાં પાન. તમો દીઠા છો જેણે દન, તે દહાડાનું માન્યુ શું કરીએ જે રાજા આપ, અકકી બુદ્ધ ચાલે કેમ આપ; આજ લાગ પડયો છે ઘણો, ત્યારેમેળાપથયો તમ તણો,વળી મેળાપ ક્યારે થશે. વળી લખ્યું ઇશ્વરનું હશે, લો ઘડી એક લાખેણો લાહો ફરી નપામ્યા બીજો લાહો;બેઠા સત પરઠીને પેર, દિપક ગયો એવામાં ઘેર,થયું તરત અંધારૂં ઘોર, ચતુરથયા આપણે બે ચોર; દીપક વીના તે ડાહાપણ કશા, હેત હશ

ડાથી હશું, મુખ જોયા વિના મહીમાય, પદમણિતો પ્રસન્ન ના થાય; માસે નહિકો માનવ વરત. જે દિપક લઇ આવે તરત. કામનિ કહે કરો એક કાજ. એવીવાતન થાએ આજ; વળિ લખ્યું હશે જાહરે, ફરિ તમે મળો તાહરે. સત બુદ્ધિ કહે સુણ સુજાણ, વનિતા શી જુઠી કહે વાણ, તમ સરખાં ત્યાં શી છે મણા, તમે ઉભાં ત્યાં દીપક ઘણા, ઇશ્વર આપ મેળવ્યો છે મેળ, ખરી રીતે ખેલીસું ખેલ; રાખ્યુ તું કેહેડ કદોરે જતન, રિઝીને કાઢયું તેહ રતન; સાત દીપકનું તેમા તેજ, દીઠે પામી રાણિ હેજ. પલંગ પાઇએ મુકયું ચોગ, કરયો ભામનિ ભાવે ભોગ; શાબાશ શાબાશ કહે તે સાથ, લીધું રતન પોતાને હાથ; વાળી મુઠડિ જુકિતએ જોર. તરત થયું અંધારૂં ઘોર. તજી સજયા બેઠા બારીએ, તે નરનેવાહયા નારીએ; ઘડિએક મારયા ફાંફાં ફોક, હવે રહ્યું તો દેખે લોક. ઝાલો મુજને કો આ દિશ, તસ્કર જાણી છેદે શીશ. અથડાવ્યો અહકું અકળવ્યો, પાંચ પગથીયેથી તે પડયો; ભાગ્યું શીશ હડવડિયો દેહ, પાછું જોવાને ન રહયો તેહ, અહિયાં થકી ઉગરિયો આજ, પહોત્યાં કોડ થયું મુજ કાજ ભામનીથી ઉતરીયો ભાવ, તરકડી તેને આવ્યો તાવ. રતન તો ચીને નવ રહયું જીવવું પોતાને ભારે પડયું, પુગ્ણ પુન્ય તેની તો હેર, ઘણા ભાગથી આવ્યો ઘેર, ત્રણ ભાઇએ પુછી વાત, કયાંહા ખોટી થયા તા ભ્રાત, અઉઢે ચાંહન ખેડાં રમે, તે સહુકો રશીયાને ગમે; વિર પ્રત્યે એવિ કહિ વાત, પોહોડયા એકઠા ચારે ભ્રાત. કહાંમ ખાધો કોન કહે, રાજા હંડયો તે કયાંહાં રહે; તસ્કરણાં કયમ રોજા રૂવે, નાગો માણસ તે શું ખુવે.

દોહરા—કુવા કેરી છાંયડી, કુવા માંહ સમાય, મનોરથ નીરધન તણા, આવે વેલે જાય, કો આગળ નવ કહી સકયો, કોને ન દીધો દોષ, લખ્યા લેખ છુટે નહી જોશી શું જુવે જોશ, પુછયું કોને નવ પડયું, સમ નવ દેવા સાથ; બીજાએ જાણ્યું નહી, રતન રાયને હાથ. કિંમત મુલ કરાવિયું, એહ અમુલખ જોડ, ટકા હેમ ટંકશાળના, પુરા પંચાવન કરોડ; રાયે પાસે રાખીયું, વીત્ય છે કંઇક દન, મહીપતે મન વિચારયું, જોઇ ચારેના મન, ચંડાળ ચોર કે જાર છે, કે શુભશીરોમણ શાહ; પુરણ પરીક્ષા હું કરૂં, રતન આપું કે રાહ.

ચોપાઇ—-એક દીવસ તે ચારે જણા; કહયા બોલ રાજાને ઘણા; કરો વિદાય અમને જો આજ, તો કરોડપ્રકારે કરયુ છે કાજ.જઇયે અમે અમારે વતન. રીઝયા પામ્યા લાખ રતન; રાજા કહે રહો એક માસ, ઇશ્વર સઉની પુરે આશ, બાંધો માં ઝાઝી બાકરી. જે કહું તે કરો ચાકરી, ખરા થશો તો હામજદેશ; ખોટે રતનમણિ લુંટી લેશ, રૂડો છે એ રાજદરબાર. વિશ્વ જાણે પાળે વહેવાર;એમ કહીને રાખ્યા વાસ, પ્રીતે બેસારે નીત્યે પાસ, એક દીવસ બોલ્યા મહારાજ,રહો ચોકી નીત્યેથી આજ, પોહોહુ આપ અગો જકાંત, રહો નીરભયથી નીર ભરાંત, એકેક પહોર

નિત્યે જાગજો. વારા ફરતિ મન માગજો; પોહોડયા રાય મીને બારણે રહ્યા ચાર ચોકી કારણ નિચિંતપણે નિદ્રાછે ઘણી. પહોડયા સેજ ઉજેણિ ધણી;પલંગ પાથ-રયો બહેક બરાસ, લક્ષ શોભાછે લીલ વીલાસ. કુસુમ તણી શોભેછે સેજ, સત સુરજ જેવાં ત્યાં તેજ,ઈંદ્રપુરી આકારે લખી પોઢયો મહીપતિ મિને સુખી. રાત પહોર થઇ જ્યાહરે, કઉતક એક થયું ત્યાહરે, ભોરંગ એક ભયાનક રૂપ, રાક્ષસ કેર રૂખડ રૂપ, મોહઝેરીને માથે મણિ,તેને હુશ હઇડામાં ઘણી, દુધ સાકર મેં પુ-રણ પીધ, ઘણા સ્વાદથી લહાવો લીધ રાખ્યા ફુલમેં ચાખ્યા અન ત્રસ કરધં મેં સઘળેથી મન;અછુરત પાંખી તેવિ દેહ.એના રૂધિરતણોછે નેહ, રૂધીર પેટ ભરીને પીયું.એથી સુખે તે બીજું કિયું તાકને તાકને દહાડા જાય, લે દહાડે બન્યો છે હાય, મેડે ઉતારી કાચળી, જાતી સ્વભાવના આચરી. પગે આવિ તે હાકીયો,ચા તડા સાથે નવ ચુકીયો. આંતરીક્ષ ઉપર એ જ કહ્યું.ભોરંગ કે ઉપર જઇ અડયું, પુંછ ભરાવ્યું છે તે માંહ, આંટ બેચાર દીધા ત્યાંહ; અધો મુખ થયો તે આપ, સાવા માડયો અંગુઠા સાપ, ડંસે દાઢ વડે જેટલે, સતબુધ્ધિએ દીઠો તેટલે અરે રાય મારાના ડસે, વેર ઘણો તે ઉપર વસે; ધરી ઢાલપછે તેના તળે,કાડિ ખડગને મુકયું મળે, લાગે વાર કરતાં વાત. કીધા કુડકા તેના માન, મુકિ પલંગ તળે તે ઢાલ જા-ગ્યો રાજા તેણે કાળ, ખડગ ઉઘાડું વગ્રજ લુવે. કરી મથી ને રાજા જુવે;જાગ્યા રાજા આવ્યો ખાર: ભુપતને મન પડિયો ભાર. જોયું રતન તેખીજયો એહ. મારત મુજને નીસ્ચે દેહ, માટે એને પણ હું હણું. ગણતીમાં હત્યા નવગણું, એટલે રાત રઇ એક પહોર જાગ્યો શહસ્ત્ર બુદ્ધિ તે ઠોર; હુકમ રાયમુજને દીજીયે, ફરમાવો તે કારજ કિજીયે;રાજાએ કહ્યું તે દીશ, સતબુધ્ધિનું છેદો શીશ ફિરિ વાત ન પુછોવડિ અરજ કરો મા એકે ઘડિ. દોહરા—સહસ્ત્રબુધ્ધિ તે સમજીયો,નાતે કેમ કહેવાય, વગર વાંકે કેમ મારીએ, તો વરાશે રાય, અરે રાય પ્રથ્વિપતી, સાંભળ વારૂ વાત; વાહાણું ગમે તો મારજો, પોફાટે પ્રભાત, હવણાં હણશો એહને જો સમજો નહિ સાથ; પછે ઘણું વિમાસશો. ઘસવા પડશે હાથ, તેહ તણિ કથા કહું; રીજે રાજા મન રીઝમાહિ જો રિઝશો, પછે દાઝશે તન.

ચોપાઇ—સવબુધ્ધિ રાખ્યો એકાંત, ભાગી નહી મન કેરિ ભ્રાંત; સિધપુર નામે સુંદરી ગામ, નારસિંહ રાજાનું નામ, વસે એક બ્રાહ્મણ મહામતિ; પતીવ્રતા તેને ઘેર સતી. પેટ નહી પુત્ર કે તન,ઇશ્વર ઉપર એનું મન, વિવિધ પ્રકારે કરે તે વ્રત, કરે રૂડાં આચારણ તેનાં કત્ય, નરનારિ બે પવિત્ર નેટ,તોય પુત્ર ન આવે પેટ; મન-માં રાખે મોટિ મયા, વસે દેહ પોતાને દયા. આપ ઘેર એક નોળનું બચું, તરફડતું તેઆગલે વસ્યું પાશે માત નહી તે તણિ, દયા ઉપતિ મનમાં ઘણિ; રાખ્યું પાસ પોતાને ઘેર, પાય દુધ પ્રિતે શુભ પેર, પોઢાડે સજ્યામાં જોડ, કુંવર તુલ્ય પહોંચાડે

કોડ, થયું મોટેરૂં તે તો બાળ; ન કરે એકે અદકી આળ, વાચા નહી મુખે તેં તણી, અકલ મનુષ્ય તણિ છે ઘણી, નાંપગથી પછીનેટ; આવ્યો પુત્ર તે નારી પેટ. તરીયા તોરણ બાંધ્યાં બારણે; પુત્ર પોરાઢયા છે પારણે; આનંદવધ્યો દીવાળી દન, નોળ ઉપર માનિનીનું મન, તનમન ધન જાણે તેહને, દયા ધરે અદકિ દેહને; એક દીવસ છે સુત પારણે જુવતી ગઇ જળ કારણે, સોંપી નોરને પેલો પુત્ર,તજસાર્ક એ છે ઘર સુત્ર,રખે એહને રોવરાવતો; રીશ, કરી રખે મારતો; બાળક ઠપકો દેશે મુને;તો હું ગાળો દેઇશ જ તુને સુપ્યો બાળ.જળ ભરવા ગઇ. વાર ઘડી બે ચારેક થઇ; ચઢયો પારણે મોટો નાગ. બાળક ડસવાને લાગ,અંગુઠે વળગે જેટલે,નોળેતે દીઠો તેટલે; અરે મારા બંધવને ખાય,એ પાપી કયાં નાશી જાય; એમ કહીને દાંધિ દોટ;કરડયા પહેલી ઝાલી કોટ;મરડી કીધા કટકા સાત;એવી આવતી બેઠી માત. વધામણિ કારણે.આવ્યો નોળ સામો બારણે, વાચા નહી તે બોલે કેમ, સામો આવી ઉભો તેમ. મુખ લોહીયાળુ પેત્રે કર્યું, જાણ્યું માએ બાળક મર્યું; દીઠું લોહીઆળુ જે મુખ, દાવાનળ થઇ લાગ્યુ દુખ, અરે પાપી તું કુટો કાળ, માર્યો મારો નાનો બાળ. નાંખ્યું બેડુ તેની દીશ. મુઓ નોળ ચગદીયુ શીશ; ઘરમાં આવી માતા જુવે, પોઢયો બાળક પારણે રૂવે બોલ્યો બાળક આપો આપ,મુજનેખાતે તો આ સાપ; એ નોળે માર્યો આ કામ.નહિ તો મારૂં કરતો કામ. એમ કહિ ચેતાવિ માત, પડયા દિલ કકડા છે માત;કર્યું કલ્પાંતને ઘસીયા હાથ, બાળવા માંડયુ તેની સાથ. જીવ કાઢવા તત્પર થઇ. શિક્ષા લોકે તેને કહી; પ્રથમ મન સમજી નહી માય, હવે હાથ ઘસવે શુ થાય. તને વિમાશણ કરવિ પડી. જો ચેતી નહી પહેલી ઘડી;એમ સમજાવી કહે છે લોક.હવે દુઃખ કરવુ તો ફોક.

દોહરા—રાય પછે વિમાસમો રાખી હૃદેમાં ધિર, અરધી રાત એવે ગઇ; જાગ્યો બીજો વિર. લક્ષબુધ્ધિ છે જેહનિ.ગયો રાયનિ પાય; કરિ સલામ ઉભોરહયો, અહિં કિધ આશ. હુકમ હોય જે રાયનો; તે અમે કરિએ કામ, વાદે વચન ના લોપીએ, અમે તમારે નામ. રાય કહે હું તે કરો;કહાડો ખડગ આ દીશ, પેહ કરીને છેદએ. સતમુંધનું શીજ, લક્ષ વસાએ લક્ષવરાં, એક કહું હું આજ, વહાણામાંહે વિમાસમો શ્રી મહીપત મહારાજ. અદકો થાશે ઓરતો,દમવો પડશે દેહ, તે દ્રષ્ટાંત તમને કહું નરપત આભા નેહ,

ચોપઇ—ચોથા પાટણ ગામ ગભીર, નિરમળ છે ઝરણુનનું નિર; ભુપસંગ એક ભારે ભુપ, રાજ તેજ રૂડેરૂં રૂપ, મહા મનોહર નીરમળ. મતી. રૂડિ કરમનિ રેખા રતી; લાડકવાયો તેને તન, મહીપતને મન તે તો ધન. વહાલો પ્રાણ થકી પરતાપ, અધિક લાડકો આપો આપ,ઘેલો અજવિતણુ છે ઘણું,લક્ષણ લાખ કશડ તણું, ગયો આપ શરોવર તીર, નારિ ભરતીતી ત્યાં નિર; ઉભો રહયો

પાણીનો ઘાટ, વનીતા એક આવે છે વાટ, ભર્યું બેડું તે પાળે ચઢી; પુત્ર તણી તે દ્રષ્ટે પડી; ગલોલ હતી તેના હાથમાં; નાખી ગોળિ સહિયર સાથમા, નગરશેઠ તણિ દીકરી, મદોન્મત જોબન મદ ભરી; જોબન રૂપતણું છે જોર. અહંકાર પુરમાં અંકોર, છુટયો ગલોલો ત્યાંહા ગયો, ઘડો કુંરીવનો કાણો થયો, ચાલી ઘરને નીકળ્યું નીર, ભીજ્યું ચંપક વરણું ચીર; તેને વકારી વખાણિ સહુ, તાહરો બાપ છે બળિયો બહુ. તેમ સરખાં સાખી ઘેર જશે, બીજા ગરિબની શી ગત થશે, બાળક બુદ્ધિ હતી તે બાળ દીધિ મુખ ઘણરિ ગાળ, ભાર બોલ ભામની તે ભણી, રાંડે રઝળતા મેહેલ્યા જણી, કુંવરે સાંભળ્યુ તેવું કાન, પડયો હળલો પીપળપાન, સાથી કહે બુલ્યું તા. હરે; કહયુ કરે નહી માહરૂ; ગાળો ખાયે કામનિ કાજ, આગળશુ કરશોજી રાજ; રીસે ભરાણો રાજકુમાર; બેડુ ફોડયું તોડયો હાર. નગરશેઠ જુગતે જાણીયુ, અહકું ઝેર આપે આણિયું; રાય સાંભળે તારૂ નામ, નહી રૂડાને રહેવાનુ કામ, લાડકવાયો સુત તાહરો, નહિ ધરમ રહેવાનો માહરો. રાજા કહે તમો રહો ગામ, મારૂ પુત્રને કું તો ઠામ; તે વાતનો કોલજ દીધ; પાવા વાસ રઇયતને દીધ; પ્રધાન પુછેછે તે પેર, જઇ ચેતાવું રાજાને ઘેર. ચેનો તો ચેતાવું હું, હવડાં ઘેરન જાઇશ તુ; તુ જાણે જે ગુનો સાંખશે, જોતામાં મારી નાંખશે, માસ છ માય વીદેશ જાઓ, જો ચીત માંહે રૂડું ચાહો, વચન સાંભળી વીવિધ વિવેક. લીધો ઘેરથી પાપટ એક. પાછેપગલે પંથ પળ્યો, પ્રધાન પુત્ર મીત્રને મળ્યો; અરે બંધવ કયાં જાઓછો. આવડાં કા દુખીયાં થાઓ છો, માંડી કહિછે તેને વાત દેસવટો દીધો છે તાત; પ્રધાન પુત્ર કહે સાથે થાઉં, તુમ વિજોગ અન્ન ન ખાઉ. સુખ્યા બે બાંધવ તે સાથ. હર્શાપોપટ બેઠો હાથ, રાત દીવસને સાંજ મારગ મેલે અપરંપાર, અઘોર વનમાં તે જઇ ચઢયા, દિશા ન સુઝી ભુલા પડયા, ઉનાળે અગનીની ઝાળ, થયા ખરા મધ્યાનજ કાળ. ન મળે કાંઇ નવાણુ ને નીર, સુકી ગયા તે શુભ શરીર; પાણી પાણી ઝંખે ઘણું. તન તરફડે ત્રણુ તણુ જાવા માંડયા પાણી વીના પ્રાણ, બંધવ પ્રત્યે બોલ્યા વાણ; વડ મહોટો હુતો ગંભીર જઇ ઉતરીયો તેર, આયુષ મારૂ આવિ રહયું, ગણુ મારૂ તો મુકાઇ ગયુ, જીવ જરૂર પણ જાય છે, પાણિ પાણી ચીત ચહાય છે; પ્રધાન કહે રાખોજી ધીર, એક ઘડીમાં લાવુ નીર. એમ કહીને ઝાડે ચઢયો, કુપ સેગળો દ્રષ્ટે પડયે,, રાજા મુકયો વડલાહેઠ, ગયો પ્રધાન પાણીને નેર; રાજા ધ્યાનઇશ્વરનું ધરે, પાણિપાણીમુખથી કરે; પચાળીનાંપુરયાંચીર, તેમ મોકલ નારાયણનીર, ઈંડારાખવા આવ્યો ખિર, તેમના રાયણુ મોકલ નીર, બાળક કાજ આપે છે ખિર, તેમ મોકલ નારાયણુ નીર, શીતળ સુધન્વાનુ શરિર, તેમ મોકલ નારાયણુ નીર. પાણી પાણી ઝંખે જેટલે, પડે ધારા પાણીનિ તેટલે; ધન્ય પ્રભુ મોટા માહારાજ, તુજવિણ કોણુ કરે આ કાજ; સાનકેરો પ્યાલો ભરયો, પલ એકમાં પુરો ભરયો; માંડી મુખ પીયે જેટલે, પોપટ ચિત ચેત્યો

તેટલે, મારિ ઝોટ તરત તે તિર, પ્યાલો ઢોળી નાખ્યો નીર, ભુપતીએ તો કોપજ કરયો, પાછો ફરિને પ્યાલો ભરયો; બીજી વાર માંડે છે મુખે, પોતે પીવા કાજેસુખે. પોપટ પાંખ જોરે ઝાલીઓ, પ્યાલો કરમાંથી પાડિયો, ચડિ રાયને ઝાઝી રિસ, મરડિ નાખ્યું શીશ. ફરિ પ્યાલો ધરે છે જ્યાંહ, આવ્યો પ્રધાન એક પલકજ માંહ; પાયુ શીતળ નિરમળ નીર, વાતો કરવા બેઠા વિર. અરે રાય મુરખ હારિયો, શા માટે પોપટ મારિયો, કવતુક માંડિ તેને કરયું, અહીંયાં તો એક અચરત થયું, તમો ગયા તા ભરવા નીર. મેં સંભારયા શામ શરિર, ક્ષણુ એક એક નવ લાગી વાર, અંતારિક્ષથી ઉદ નીરધાર; પ્યાલો ભરી પીઉ જેટલે, પોપટે તેટલે પાડયો. એક ગુનો મેં માફજ કરયો, બીજી વારનો પયાલો ભરયો; પીવા માંડયો અમરત કોળીયો;તરત દેખતાં તે ઢોળીઓ. લાગી મારા ચીતમાં ચોટ, મરડી નાંખી ક્રોધે કોટ; એટલે તો તમો આવિયા, લખ ટકા પાણી લાવિયા. તે પીધાથી ટાઢો થયો. પ્રતી ઉતર પ્રધાને કહયો, એતો કારમી વાતો વીર, અંતરિક્ષથી નવ આવે નીર,એવા સત્યવાદિ જે તમો, તે વાત કેમ માનુ અમો.અહહો સંદેહ મનમાં અડયો; વાળી કાછડો વડલે ચડયો;આટલા માંહ છે એક વિવેક,સમળીનો માળો છે એક,અજગર એક લાવિછે તેહ, ફોલી ખાય એની દેહ, જેર કાળજેથી નીકળ્યું; નીરતે માંહેથી ધરણી ઢળ્યું. સેહેજે અડયા શી ગત માત, પલક એકમાં સામજ જાત, જીવ્યો તે શું આપો આપ, તેતો પોપટ કેરો પ્રતાપ. દ્રષ્ટે દીઠું તે દ્રષ્ટાંત,ભાગી મનની ભાવે ભ્રાંત. એ શું મેં કરયું આ કામ; મારયો પોપટ ફાંસ્યુ ઠામ; પેટ પાળી મારિને મરૂં, પોપટ પાખી દેહ નહી ધરૂં, પ્રીછવિઓ પોતે પ્રધાન ઉતરયું મહીપતનું માન; પ્રથમ સમજ્યો નહી મન સાર, હવે સીદ ઘસે છે હાથ. સાંભળરે સતવાદી રાય; વિમાશણ કરશો મનમાંહ; પછી જાણુશો તજીએ દેહ; ઉપજશે નીરમળ નેહ.

દોહરા—કરોડબુદ્ધિ કહે કહું, તુને વીમાસણ વાત; હવડાં એને મારશે, ઘસવા પડશે હાથ. ચોપાઇ—ઇમદેશ તણો મહીપતી,રાણિ તેને ઘેર મહા સતી,પટરાણિનેઠામે તેહ, નરપતને મન ઝાઝો નેહે, ભામની દિઠે ભાગે ભુખ, દીઠા વિના દીલમાંહે દુઃખ સમજાવે સોળે શણગાર; રાણિ તે હઇડાનો હાર; વાડીરૂડી પાનજ તણી, તેની શોભા છે અતી ઘણી, વડિ રાણી વાડમાં જાય, રમે રીઝે રાણિને રાય. એક સમે બેઠા છે ત્યાંહ, પ્રિતે પાનનિ વાડિમાંહ. બેઠા છે કુવાનિ તીર, લાગી તૃષા મન સમરયું નિર, અનગળ પાણિ પીધુ આપ, તન પેઠો તંબોળી સાપ, પડયો પાન હેઠેથી નેટ, પાણિ માહેથી આવ્યો પેટ, ભામનિ કેરિ જુઓ ભોગ રૈ રૈ વાધ્યો દેહમાં રોગ; દહાડે દહાડે હરનાજ ગળ્યાં. ચઇતન દેહ બધાંના ઢળ્યાં,જેને માથે ધોળંધર ધણિહરે નઇહ વિવેકી વણિ, કંઇક ઓસડને કંઇક રામ; એક વાત ન લાગે આમ કરોડ રૈચને; કરોડ કવાથ, એકે રોગ નઆવે હાથ,કરોડ ભુવાને ઉતાર, એકે વાતનિપ્રીછી

પાર, કહી કહી કલ્પના સારયા અરથ, ઘણો કરીને ખરચ્યો ગરથ, રાણિ કહે રાજા સાંભળો; મેહેલી દે મનનો આંબળા,વીંછી લક્ષને વેહના થાય છે, જીવડો વણમોતે જાય છે,માટે મુજને ઝેરજ પાઓ મુજને કાશી લઇ જાઓ. જળ સાહી કરી ત્યાં મરૂ, ભારે દુખ હઇડે કેમ ધરૂં. કરોડવાર શું કહીએ કથી, વેદનાએ રહેવાતું નથી, વચન આપ્યું રાજાએ હાથ, હું પણ આવું તારી સાથ; તુજ વિવા જીવી શું કરૂ, જળસાઇ કરી હું મરૂં. માયા મમતા કીધિ તાજ,સોંપ્યું પુત્રને રૂડુ રાજ; પ્રધાન મુકયો વાશી- એ, કાઢી સંઘ ચાલ્યા કાશીએ, ફરે ડંડેરો દીનને રાત. બાધે દેશ કરે છે વાત;રાણી ને સાજી કરે, અર્ધરાજ મારૂ મન ધરે,અલખત આપણી બીજી ધણિ, પુત્રિ પરણાવું પેટજ તણિ, અનેક એવા હેતુ હોય,તેનું દુઃખ નવ જાણે કોય. રાણી દુઃખજમાટ, લીધિ કાવિ કોરી વાટ; પ્રૌઢ દિન પંથે પરવરયા, વન માંહ ઉતારા કરયા, ઘણો વડ મોટા ગંભીર, તાણ્યો દેહેરો તેને તીર;આગળ પાછળ ચોકી ઘણી, ડેરામાં ઘણાયા- ણી ઘણી. કહે માહો માંહે વાત, એમ કરતા થયો પ્રભાત; શેહેજે પહોડી છે નાર, ભુમી સુતો છે ભરથાર, નરનારીને ઝાઝો નેહ, ભરનિદ્રા થાય છે બેય; શામા ક્ષણું એક પામી સુખ, વિકાશી માનુની કેરૂં મુખ. તે વડ ઉપર મણીધર હોય, તેનો પાર ન પ્રીછે કોય. જ્ઞાન તેહના મનમાં ઘણું, દુખ જાણીયું તે નારી તણું. વડલા હેઠે ઉતરયો, ચિત ધરી પોતે પરવરયો; તેને તંબોળીઓ આવ્યો છે ત્યાંહ, પેલી રાણિ- ના મુખ માંહ મણીધર તો પગલે ચઢયો, તેને તંબોળીઓ દ્રષ્ટે પડયો; મણીધર કહે સાંભળરે મુઢ, દેછે રાણીને બહુ દુખ, રાણિ ઉપર મરસે રાય, બે હત્યા તેને શિર થાય; માટે નીકળિ જુગને જાય. પાન વાડીમાં સુખીયો થાય,કહયું અમારૂ જેનહી કરો, ઉપાય કરિશું તેને મરો, પેલો કહે ન જાઉં હું, જખ મારે મણિધર તું તારૂ ચાલે તે કર આજ, જો કાંઇ થયું હોય તુજ કાજ. કરિ ટુંકારા નરપટ નેટ, પાછો જઇને પેઠો પેટ. મણીધરે વીચારયું મન; મરશે રાણીને રાજન; ઉગારૂ એબે પ્રાણ. એમ વીચારી મનમાં વાણુ. સજ્યા ઉપર ચડયો સુખે, મુકયો ગલ રાણીના, મુખે મારૂ ઝેર ઉદરમાં જશે, એ રાણિતો સાજી થશે. એમ કહિને વળે જેટલે- રા- જા તરત જાગ્યો એટલે, ઉઠયો હાંકી આપોઆપ, દિઠો ઓશીકે મણિધર સાપ;મારયો કો જોઇને લાગ, કરયા નાગ તણા બે ભાગ; તે વિખધરને વાચા થઇ, વાત એકરા જાને કહિ, મુજને મારયો તે માઠુ કરયું, મેં તો રાણિનું દુઃખજ હરયું; પ્રાતઃકાળે વહાણું થશે, રોગ તારી રાણિનો જશે. જો ગુણદેખો તો ભાખજો. મારા અસતગંગ નાંખજો; એવો અવાજ અચાનક હવો, તરત મણિધર તરફડી મુઓ. લાગ્યોરેચ નારીને નેટ, પ્રેમદા સુખ પામી પેટ; સાજી તાજી રાણિ થઇ, અંગો અંગથી વ્યાધી ગઇ. દુઃખ પામ્યો તે રાજા આપ- ફોગટ મેં મારયો તે સાપ, ઘસે હાથને ધુણે શિશ, એ શું કીધું શ્રી જુગદીશ; પાળી મારવા માંડી પેટ. સહુ વારે નરપતીને નેટ, હવે-


અર્થ નવ આવે કશુ, પ્રથમ માહુ હલમાં વસ્યુ, વીધું સપનું સાથે અંગ, પધરાવુ ગુણવંતિ અંગ. તેની મીત્ય લુંટાવ્યો ગરથ, તેહ થકી સરયો સઉઅરથ. કરી જાત્રા ને આવ્યો ઘેર, પાળી પ્રજા રૂડિપેર; જીવ્યો ત્યારે વિમાસણ કરી, ઘડિ એક બેઠા નહિ ઠરી. દેખે રાણિને જ્યાહરે,સાંભરે સર્વ મનમાં ત્યાહરે;ને વેળા મુકેનિસ્વાશ, પણ તેનિ કેમ પોહોંચે આશ,ઘણા દિવસ ખસિયા છે હાથ, કરોડબુદ્ધિ કહેરાજા સાથ, કહી વાત આણી મન વહાલ, પ્રગટયો એવે પ્રાતકાળ, વિક્રમરાય બેઠા બારણે. હાતાણ પાણિને કારણે; નારાયણ તણો જે નુર; પુન્ય પરમારથ કેરો પુર અભિનવોઆપે છે કરણ.અશરણ કરે શામ દરશણ.મોટા જન સહુ મજરો કરે,રાજા વીર્નજાયકના હરે, રામ સાંભળે રાજા કરણ, પાસે ઉભાછે ત્રણ જણ; સલામ કરિ ઉભા જ્યાહરે, સામું જોયું રાયે ત્યારે. હુકમ રાવળો સાથે ધરૂં, જેવો કહો તે કારજ કરૂં; હું શેવક છું તાહરો, રખેઅવગુણ કરો માહરો.

દોહરા–રાજા બોલ્યો રીશમાં, રવી ઉગમતે દિશ; રજુ કરે ત્રણે મળી, સત બુધ્દિનું શીસ. તે ઉમરયો ત્રણ જાણે, કરી વાત વીવેક; કહેતાતા જે વિમાશશો તે દેખાડયો એક. અકેક ઘા ત્રણે કરો અજર કરો માં આપ, નહિતો દેખાડો પારખું; જે ગુણતા હો પાપ. સમશેર સતબુદ્ધિ તણિ, પડી હેઠ પલંગ આપો અધિપતીઆપ તે; તો રહે રૂડોરંગ,રાજા ઉઠયો રીશમાં; આવ્યો પલંગની પાસ, ઢાલમાં કડકા સહી, મુકયો મન નીશ્વાસ. અહીંયાં ક્યાં આવીયા નહી રહયાની જાગ; સતબુધ્દિ સેજે હતો, તેતો મારૂં ભાગ્ય અધિપતી ચડયો અટારીએ, વિખાણ કરતો વ્રષ્ટ ઉતારીતી કાંચળી, તેતો દીઠી દ્રષ્ટ આનંદ પામ્યો અતીઘણું,જોતા આવ્યો જેમ; કટે વીટીઓ કટકટો, તેનો દીઠો તેમ, સતબુદ્ધિ સમીપે તેડીયો, મળ્યો મહિપતને માન, સણગાર સુપ્યાં સઉ અંગના, પ્રીતે ઉપર પાન, તોલે નહિકે તુજસમો, મારા મનનો મીત્ર; આરે ચતુર મેં જાણિયા, પુરણ પરમ પવિત્ર, માગોકાંઇક મુજ કને, જે મન ઇચ્છા હોય; તેહ વચન ચુકું નહી. દુઃખમાં કરશો કોય, આપી શકો તો આપજો, વારૂ કરૂ વચન, અમારૂ અમ પાસથી રૂડુ જેહ રતન. અરણ ન આવે અભીનવું,તારાઘરનો માલ, રાજી થઇએ રત્નથી ખરો અમારો ખ્યાલ, દુખભંજન દાતાવડો વીખાણ કરે લક્ષ લોક,આશા પુરા અમ તણી, કય બહુ બાકી ફોક.બુદ્ધિવંત બળાયાઅમો, કરૂં ચીંતવ્યા કાજ; ટાગ તળે કાઢા તમો, રત્ન આપ્યાથીઆજ. વીદાયકરો નહિતો મુને; ઢીલ કરો શા માટ, કરિ વણિરિ ચાકરી, તેનિ ઉઠિ વાટ; ઠામ સમો તો હિજીએ કરવા હું સમરથ; દુખ ભાજે દલડા તણું. છે ઘણો રત્નમાં અરથ, હલ ડાહ્યા ઘણા અમો, કરવા ઇચ્છું કામ; તમ આગે કર જોડિયે; મુકી મનનિ મામ.

ચોપાઇ—–રીજયો રાજા અતિ ઘણું,આપ્યું રતન ચારે તણું;ત્રણેમાં ભાવિશીભળ્યું. એક કાંતિ એક રૂપે મળ્યું આપ્યું, હાથ નવ વાગી વાર, ચતુર પારખું ડાહ્યા


ચાર,ધન ધન વિક્રમસેન મહારાજ, તુજ વીણા કોણ કરે પર કાજ; બીજા સહુ કરે છે વાત. ખાધી સુંઠને તારી માત. આશા નોતી અમને આજ. વણ પુછે કેમ સરશે કાજ;કેમ રહેશે ચારેની ચીત, રત્ન આવશે કેવી રીત, તું દાતાર ને તું તો દેવ, તું સાચો સદગુરૂ શેવ; તું તો યોગી ભોગીને સીધ, તું રાજા તું પાસે રીધ, તું ભુપ ભલપણુના ભાણ.તમ આગળ ડાહ્યા ને અજાણ; સુર્ય ચંદ્ર તપે યુગરાજ, આરોગ્ય અવિચળ રહેજો રાજ. દો આજ્ઞા તે કરીએ સીધ,રત્ન એકેકુ વહેંચી લીધ; હસ્તી શણગારયા શુભ ચાર.દશ દશ આપ્યાં તજીતોખાર.કર ઘાલ્યાં સોનાનાં કડાં,શુભ શણગાર સોના સાંકળાં;વાઘાવસ્ત્ર વિવીધના ભોગ,સોંપ્યો સઘળો શુભ સંજોગ,શુભ પત્રે કાગળ કહાવજો,મન થયે મળવા આવજો; બીજાં રૂડાં દીધાં રતન, વોળાવ્યા જનચાર વતન કરયાં કામ, જવાં ગુણ ઘણા. પાળ્યાં લાડ તો પ્રજા તણાં; એવો રાય સતવાદી હોય, જેને દેશ દુખીયો નહીં હોય. ભોજ આગળ પુતળીએ કહ્યું, લક્ષણ એનામાં જે લહ્યું; પટીત કાળીદાસ જ જાણ,લખ્યું પુરાતન તેહ પુરાણ પરમારથ તણી એ કથા, ભેદ ચાતુરી જાણો જથા, અકલવંતને વહાલી અતી, મોટા જનની નીરમળ મતી, પુન્યવંતને વહાલું પુર,નિરમળ માણસનું છે નુર, પરમારથ જનને તો પ્રેમ, હરીભક્તને હઈડે હેમ. કથા ઉતમ વીક્રમ ચરીત્ર, સાંભળતાં થાય તે પવીત્ર.

દોહરો-શામળભટે શુભ કરયું,પરમારથ પવીત્ર;રામ કથા રસથી અધીકવારૂ વીક્રમ ચરિત્રકહે પુત્રી ભોજ સુણ, વીક્રમ મહીમા કરણ; એવાં પરાક્રમ જે કરો, તો ધરો સીંહાસન ચરણ,એમ કહીને પુતળી,આપે ગઇ આકાશ; એ કથા પુરણ હવી, કહે કવી શામળદાસ.શ્રોતા વક્તા સમજતા, કહે કવીતા કરજોડ;શામળભટ કહે બોલજો, જે જે શ્રી રણછોડ.



વાંચો સચિત્ર **સતી સીતા.** કી. ૦—૧૦—૦

(વાંચો) સચિત્ર ઉત્તરી ગુફા કી. ૦—૮—૦



(વાંચો) સચિત્ર [illegible] કી. ૦—૧—૦

(વાંચો) સતીત્વ કોણ બચાવે? ૦—૧૦—૦

બુકસેલર રણછોડલાલ મોતીલાલ, રીલીફરોડ—અમદાવાદ.

આ બુક સુબોધચંદ્ર પ્રીન્ટીંગ પ્રેસમાં મુળચંદ ત્રીકમલાલે છાપી છે. કાળુપુર ટંકશાળ—અમદાવાદ.